# ૨૪ મહાસિદ્ધિઓ

## અને

# આત્મ સાક્ષાત્કાર



ॐ ॐ

# ૨૪ મહાસિદ્ધિઓ અને આત્મ સાક્ષાત્કાર




લેખક

**મહર્ષિ શ્રી પુનિત**

૨૩, લક્ષ્ય સાંઈ ગાર્ડન એપાર્ટમેન્ટ,
બાયરા સન્દરા મેઈન રોડ, જી. એમ. પાલીયા,
નન્દીની બેકરી પાસે, બેંગલોર–૫૬૦૦૭૫
કર્ણાટકા (ભારત)

Mobile No. **09901322995 | 09880236142**

**24+ years yoga & Tapascharya**

B.Sc. (Electron), D.E.E. (Elect.), (First Class)

# પ્રસ્તાવના

શ્રી 'શ્રી પુનિતે' બાળપણની ઈશ્વર દર્શન અને આત્મા સાક્ષાત્કાર માટે જંગલો અને તપોસ્થળીઓમાં વર્ષો વિતાવેલા છે.

તેઓ શ્રીને ગિરનાર અને નર્મદાજી પર થયેલા અનુભવો તથા તપશ્ચર્યા દરમ્યાન થયેલા અનુભવોનું વર્ણન આ પુસ્તકમાં કરવામાં આવેલું છે. ૧૨ વર્ષથી વધારે તેઓશ્રીએ તપશ્ચર્યાઓ કરી છે.

૨૪ પ્રકરણ ચોવીસ મહાસિધ્ધિઓ છે, જે ઈશ્વરની બક્ષીસ છે અને ૨૫માં પ્રકરણમાં ગુરૂપૂર્ણિમા અને આત્માસાક્ષાત્કાર વિષે શ્રીમદ્ ભગવદ ગીતા અનુસાર વર્ણન કરવામાં આવેલું છે.

ગિરનાર ભગવાન દત્તાત્રેયનો રાજમહેલ છે. નવનાથ સાથે તેઓ ત્યાં વિદ્યમાન છે.

સાચા ઉપાસકને જરૂરથી ભગવાનના દર્શન થાય છે. અમર મહાપુરૂષોના દર્શન પણ સુલભ બને છે.

આ ઉપરાંત અનંત બ્રહ્માંડ દર્શન, કોટિ સૂર્યચંદ્રના દર્શન, સાતત્યપૂર્ણ દિવ્ય પ્રકાશનના દર્શન આ બધા લેખક શ્રીના તપશ્ચર્યા દરમ્યાન થયેલાં ઈશ્વરીય દર્શનોનું વર્ણન છે.

સાચા સાધક મિત્રોને આ પુસ્તક ઘણું ઉપયોગી અને માર્ગદર્શન પ્રદાન કરે તેવી અભ્યર્થના !

પ. પૂ. શ્રી ગુરૂઓ અર્થાત સિધ્ધ સંતોના આશીર્વાદ આ પુસ્તક માટે પ્રાપ્ત થયેલા છે. માતૃશ્રી પુષ્પાબાના આશીર્વાદ અને ભાઈ શ્રી સંદિપની શુભ કામનાઓ પણ સાથે રહેલી છે.

# પ્રસ્તાવના

(૧) પ. પૂ. ૧૦૦૮ શ્રી શ્રી મહામંડલેશ્વર શ્રી અલખ ગિરીજી મહારાજના આશીર્વાદ પાઠવવામાં આવેલ છે.

(૨) પ. પૂ. ૧૦૦૮ શ્રી દંડીસ્વામી આનંદ દેવ આશ્રમતીર્થજીના શુભ આશીર્વાદ છે.

(૩) પ. પૂ. માતૃ શ્રી પુષ્પાબાના (Seniro P.T.C. Teacher) આશીર્વાદ છે.

(૪) શ્રી સંદીપ સી. જોષી (Chairman, Y.S.S., Bangalroe, Managing Directro, (I.E. & C.I.P. Ltd. American Return) ની શુભ કામનાઓ છે.

(૫) શ્રી જગદીશભાઈ વ્યાસના શુભ આશીર્વાદ છે. (ટ્રેઝરર અને દાતાશ્રી Y.S.S., અમદાવાદ.)

# ॐ સમર્પણ ॐ

પ. પૂ. શ્રી શ્રી મહાલક્ષ્મી માતના મંદિરે તેમના ખોળે મોટો થયો છું માટે આ પુસ્તક શ્રી શ્રી મહાલક્ષ્મી માતાને સમર્પિત કરૂં છું. મા જગદંબાએ મને દર્શન પણ આપ્યા અને મારૂં જીવન ધન્ય બનાવ્યું છે.


卐 મહર્ષિ શ્રી પુનિત 卐

**24+ years yoga &**


**Tapascharya**

**(B.Sc. (Electric),**

**D.E.E. (Elec.), First Class**




પ. પૂ. ૧૦૦૮
દંડીસ્વામી
શ્રી શ્રી
આનંદદેવઆશ્રમતીર્થ
જ્યોતિષ્પીઠ,
ધોળકા, અમદાવાદ




શ્રી શ્રી
પૂજ્ય પિતાશ્રી
સાથે.



શ્રી શ્રી પુનિત માતૃશ્રી પુષ્પાબા સાથે, ચામુંડા મંદિરે-મૈસુર



શ્રી શ્રી પુનિત નાના ભાઈ શ્રી સંદિપ સાથે



શ્રી શ્રી પુનિત નાનાભાઈ સંદિપ સાથે ત્રિવેણી સંગમ-મૈસુર



નાના ભાઈ સંદિપના પત્નિ અને તેની દિકરીઓ
શ્રધ્ધા અને યોગદા નૈવેદ્યની પૂજા સમયે



શ્રી શ્રી પુનિત તેમના આધ્યાત્મિક મિત્ર શ્રી રમણભાઈ પટેલ
(EXPORT MANAGER, INGERSOLL RAND) સાથે.
શ્રી શ્રી પુનિત જન્મ દિવસે : તિથિ - ગુરૂપૂર્ણિમા



સિધ્ધ યોગી "શ્રી પુનિત" ઉપાષકશ્રીએ
૧૨ વર્ષથી વધારે તપશ્ચર્યાઓ કરેલી છે.
તેઓશ્રી આત્મસાક્ષાત્કાર કરેલો છે તથા
સાક્ષાતમાં મા જગદંબાનું ગિરનારમાં દર્શન કરેલ છે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| (૧) | ૨૪ મહાન સિધ્ધિઓ સાથે ઈશ્વરનો સાક્ષાત્કાર | ૦૧ |
| (૨) | માનું મંદિર નિર્માણ | ૦૨ |
| (૩) | ગિરનારની શ્રી દત્ત ટૂંક પર તપશ્ચર્યા અને રાજા ગોપીચંદ (અમર મહાપુરૂષ) દર્શન | ૦૪ |
| (૪) | મહાશિવરાત્રી અને ચમત્કાર | ૦૭ |
| (૫) | સિદ્ધેશ્વરી જગદંબા દર્શન | ૦૯ |
| (૬) | આત્મપ્રકાશ અને અમૃતગિરિ બાપુ | ૧૨ |
| (૭) | પ.પૂ. શ્રી બાવાજીરામ મહારાજ અને સાનિધ્ય | ૧૪ |
| (૮) | પ. પૂ. ૧૦૦૮ શ્રી શ્રી શ્રી મહામંડલેશ્વર શ્રી અલખગિરિજી મહારાજ અને સાનિધ્ય | ૧૬ |
| (૯) | ગિરનારની પરિક્રમા અને ગેબીનાથ (અમર મહાપુરૂષ) દર્શન | ૧૮ |
| (૧૦) | આધ્યાત્મિક જ્યોતિષના સત્યો અને મારી કુંડળી | ૨૦ |
| (૧૧) | નિયમિત કઠોર તપશ્ચર્યા અને આત્મસાક્ષાત્કાર | ૨૨ |
| (૧૨) | માં ઊંટવાળીનું દિવ્ય દર્શન | ૨૩ |
| (૧૩) | મરાઠી બ્રાહ્મણ તરીકે ભગવાન દત્તાત્રેયનું દર્શન | ૨૪ |
| (૧૪) | સાત હનુમાન ચાલીસા બોલી દાંત બહાર કાઢી ફરીથી તેજ સ્થાને બેસાડી દેવો ! | ૨૭ |
| (૧૫) | ધ્યાન અને અનંત બ્રહ્માંડ દર્શન | ૨૯ |
| (૧૬) | કલિકુંડ દેરાસરમાં પાંચ વર્ષ ઓમકારના મહાપરશ્ચરણો | ૩૧ |
| (૧૭) | કોટિ સૂર્ય-ચંદ્રના દર્શન માં ગાયત્રીની કૃપાથી થયા! | ૩૪ |

(૧૮) બાર વર્ષ આઠની વધારે કલાક ધ્યાનમાં
વીતાવવાં અને પાંચ વર્ષના સળંગ ઉપવાસ. ૩૬

(૧૯) ક્રિયાયોગની બેંગલોરમાં દિક્ષા અને માં ભગિની
તથા બાબાજી દ્વારા દિવ્ય ૐ દિક્ષા ૩૭

(૨૦) રાજા ભર્તુહરિની ગુફા પાસે અમર મહાપુરૂષ
રાજા ગોપીચંદનું ફરીથી ત્રણ વખત દર્શન ૩૯

(૨૧) નિત્ય સાધના ક્રમ ૪૧

(૨૨) સાચું સુખ સંતોષમાં ૪૨

(૨૩) શ્રદ્ધા સો કેરેટની ૪૩

(૨૪) બાળપણની કેટલીક સિધ્ધિઓ ૪૪

(૨૫) ઈશ્વરીય એકરાર ૧ અને ૨ ૪૫

(૨૬) ૨૦ વર્ષ હિમાલયમાં રહેલા પ. પૂ. ૧૦૦૮ દંડી સ્વામી
શ્રી આનંદદેવઆશ્રમતીર્થજી અને તેમનું સાનિધ્ય. ૪૭

(૨૭) ગુરૂપૂર્ણિમા અને આત્મસાક્ષાત્કાર ૪૯

(૨૮) આધ્યાત્મિક એડિશન ૫૧

(૨૯) ફોટો સેશન ૫૬



ૐ

# ૨૪ મહાન સિધ્ધિઓ સાથે ઈશ્વરનો સાક્ષાત્કાર

ૐ ભૂભુવ: સ્વ તત્સવિતુવરેણ્ય ।
ભગોદેવસ્ય ધિમહિ ધિયો યોન: પ્રચોદયાત્ ॥

ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરો ચોવીસ મહાસિધ્ધિ પ્રદાતા ગણાય છે. શુધ્ધ પ્રાણ સ્વરૂપ તેજસ્વી, શ્રેષ્ઠ પ્રકાશમાન પરમાત્માની ઉપાસના અમો કરીએ છીએ.

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ. ગુણ તારા નીત ગાઈએ, થાય અમારા કામ. હેતલાવી હસાવ તું, સદા રાખ દીલ સાફ. ભુલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ.

તપસ્વીભ્યો અધિકો યોગી, જ્ઞાનીભ્યો અપિમૂ તો અધિક: ।
કર્મીભ્ય કૃધિકો યોગી તસ્માધોગી ભવાર્જુન ॥

ૐ પરમાત્માનો વાચક મંત્ર છે. બધી ઈરછાઓ પુરી કરી મોક્ષ પ્રદાતા છે.

ૐ

# માનું મંદિર નિર્માણ

ધોળકામાં અત્યારે ચકલી તળાવ મધ્યે મા ચામુંડાનું અદભૂત મંદિર શોભે છે. મંદિરનો યજ્ઞકુંડ છે પાણીનો બોર પાસે છે. ૨૦૦ માણસ જમી શકે તેટલો શેડ છે. હીંચકા છે, બાળકો માટે લપસણી છે. ઝાડ નીચે સરસ મજાનો ચોતરો છે, મંદિરની આજુબાજુ નાનો બેટ છે અને તેના ફરતે ચોફેર પાણી છે.

જૂની ઋષિમુનિઓની બેઠક છે, માની મૂર્તિ આહ્લાદક શોભે છે. સિંહ પર માતાજીની સવારી છે, અખંડ દિપક રહે છે, દીવા કરવા કે માળા કરવા બેસીએ તો ખૂબ જ મજા આવે છે. ઠંડો ઠંડો મંદ મંદ શીતળ પવન આવે છે.

આ બેટ પર પહેલાં સાત ઋષિની બેઠક હતી. આજુબાજુ બાવળના ઝાડ હતા, છતાં તપશ્ચર્યા કરવા માટે સુંદર એકાંત પુરું પાડતી આ જગ્યા સુંદર છે. ઋષિપંચમીએ સ્નાન કરવા ધોળકા ગામના માણસો આવે છે અને મેળો ભરાય છે. ઋષિપંચમી પછી બેટ પર કોઈ ફરકતું નથી. સુંદર એકાંત અને ઋષિઓની જૂની બેઠકોમાં શીતળ છાંયડી રહેતી, તપશ્ચર્યા કરવા બેસી શકાય તેવી જગ્યા પણ ખરી. પક્ષીઓ આવે કલરવ કરે, વાંદરા આવે પાણી પીવે, જળમાં માછલીઓ તરે, કાચબા પણ જોવા મળે.

આ સ્થાન મેં તપશ્ચર્યા કરવા પસંદ કરેલું. ઋષિઓની બેઠકમાં રાત્રે હું ધ્યાનમાં બેસતો, એક ચાદરડુ આસન તરીકે રાખતો, ચાર મહિના આ સ્થાને નિયમિત ધ્યાનમાં વિતાવ્યા. આ દરમ્યાન આઠ દસ કલાકનું ધ્યાન રોજ કરવાનું આવતુ.

ધ્યાન કરતાં આકાશવાણી સાંભળી છે કે, આ જગ્યાએ મંદિર નિર્માણ કરો. ચારે દિશામાંથી અવાજ સાંભળ્યો ત્યારે પછી થી તે જ જગ્યાએ (આ બેટ પર) મેં બાવળના ઝાડ કપાવવાના ચાલુ કર્યા. શંકરાચાર્ય મઠ માંથી સ્વામીજી પણ મારી પાસે આવતા અને જે કોઈપણ દર્શન માટે આવે તેમને મંદિર નિર્માણ માટે હું વાર્તા કહેતો.

આજ જગ્યાએ મારા પ્રથમ પુરૂષાર્થથી અને પ્રેરણાથી અત્યારે શ્રી જગદંબા ચામુંડા માતાજીનું મંદિર શોભે છે. અખંડ દીવો પણ રાખવામાં આવેલ છે.

શિવ પુરાણમાં કહેવામાં આવ્યુ છે કે, મા જગદંબાનું એક મંદિર બનાવે છે તેને જગદંબા એક કલ્પ સુધી સુખ પ્રદાન કરે છે.

**સર્વ મંગલ માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે ।**

**શરણ્યે ત્રંબકે ગૌરી નારાયણી નમોઃ સ્તુતે ॥**

આ મંદિર નિર્માણ થઈ ગયા પછીથી મને સંપૂર્ણ ખાત્રી છે કે, માં જગદંબા મને જરૂરથી કલ્પ સુધી સુખી રાખશે.

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

**ૐ**

ૐ

# ગિરનારની શ્રી દત્તાત્રેય ટૂંક પર તપશ્ચર્યા અને રાજા ગોપીચંદનું દર્શન

પૂ. અમૃતગિરિ બાપુ એટલે બિલકુલ અવધુત ગિરનાર મહંત. કમંડલુકુંડના મહંત. પૂ. બાપુની પાસે છ મહિના અંગત સેવામાં વીતાવ્યા. પછી બાપુએ અમને ગિરનાર કમંડલુકુંડ જવા આજ્ઞા કરી. પૂ. બાપુ એટલે વચન સિધ્ધ મહાત્મા તેમણે કઠોર તપશ્ચર્યા કરી દત્તાત્રેય ભગવાનનાં દર્શન કરેલા. તેમની આજ્ઞા લઈને જવાથી (આદેશ માથે ચઢાવવાની) જરૂરથી દિવ્ય મહાપુરૂષો ના દર્શન થાય.

પૂ. બાપુ એક ગાય રાખતાં તેનું વાસીદું હું કરતો. પૂ. બાપુ ગાયના દુધની ચ્હા બનાવતાં તેમાં બહામ-ઘી તથા આંકડાના પાન ધોઈને નાખતાં સર્વ ભક્તોને આ ચ્હા જડીબુટ્ટી તરીકે પીવડાવવામાં આવતી. પૂ. બાપુની અનેરી ચ્હા. ચ્હાનો સ્વાદ પણ સ્વર્ગીય અમૃત જેવો.

શ્રી દત્તાત્રેય ભગવાનની ટુંક પર ભગવાન દત્તાત્રેય અને નવનાથ વાર તહેવારે અવાર નવાર શ્રી દતપાદુકાના દર્શન અર્થે ભક્તોના કલ્યાણ માટે અને આર્શીવાદ આપવા આવે છે. અહીં અમર મહાપુરૂષોના દર્શન અવારનવાર થાય છે. આ બંધુ હું અલખજી મહારાજ પાસેથી જાણતો અને તેમની ધુણી રે ધખાવી બુક પણ મે વાંચેલી. આ બુકમાં ગિરનારના અદભૂત રહસ્યો સ્વામી અલખજી મહારાજે પ્રગટ કરેલા છે અને અનુભવેલા છે.

દરરોજ ૫ વાગે ઉઠીને કમડલું કુંડ નાહી ધોઈને પાણીનું એક ડોલચું અને ધુપ કરવાનું ધુપિયું સાથે લઈ લેતાં. મારી સાથે એક સાધુ પણ પૂજા માટે રોજ શ્રી દત્ત ટુંક પર આવતાં.

શ્રી દત્ત ભગવાનની પાદુકા પાષાણની છે, પાદુકાને શુદ્ધ જળથી સ્નાન કરાવ્યા બાદ તેના પર હું રોજ ભસ્મથી સ્વસ્તીક, ત્રીશુળ અને ૐ બનાવતો પછીથી હું સવારથી સાંજ સુધી ધ્યાનમાં બાજુમાં મોટા બેલ (ઘંટ) પાસે બેસતો.

શ્રી દત્તટુંક પર તપશ્ચર્યામાં ૧ માસ વિતાવ્યો. ત્યાર બાદ, લોક વાયકા છે કે શ્રી દત્ત ભગવાન અને નવનાથ રોજ આરતી સમયે દર્શન આપવા શ્રી દત્ત ટૂંક પરથી કમુંડલું કુંડ પર આવે છે. તે મુજબ એક મહાપુરૂષના દર્શન થવા લાગ્યા જેઓ. કોઈને ખ્યાલ ન આવે તેમ સન્યાસી વેષે આરતી સમયે રોજ શ્રી દત્ત ભગવાનની પાષાણ પાદુકાને દર્શન અર્થે આવે છે પછીથી આરતી ચાલુ હોય ત્યારે પગથીયાં ઉતરી

કમુડલું કુંડ જાય છે અને ત્યાંથી તેઓ અંબાજીની ટૂંક તરફ જતા રહેતા.

પૂ. મહાપુરૂષનો મે ચરણ સ્પર્શ શ્રી દત્ત ટૂંક પર મોટા ઘંટની પાસે જ કર્યો અને ૐ નમો નારાયણ મુખારવિંદથી પાઠવ્યા. તેઓ શ્રીએ મને ૐ નમોનારાયણ પાઠવેલા. તેઓશ્રી આટલા બધા સાધુ લેવામાં મને જ પ્રસાદી રૂપે એક કામળી આપેલી. જેનો રંગ આછો પીળો હતો.

મેં પૂ. સ્વામિશ્રીને (અલખજી મહારાજને) આ મહાપુરૂષના દર્શનન વિષે પૂરી વાર્તા કરેલી. પૂ. શ્રી એ મને જણાવવું કે એ મહાપુરૂષ અમર રાજા ગોપીચંદ હતા. આમ રાજા ગોપીચંદના મે ૨૧ દિવસ શ્રી દત્ત ટૂંક પર રોજ દર્શન કર્યા છે, વાતો કરી ચરણ સ્પર્શ કર્યો. મને અનહદ આનંદ થયો. મારું જીવન ધન્ય બની ગયું.

મેં પૂ. સ્વામિશ્રીને (અલખજી મહારાજને) આ મહાપુરૂષના દર્શનન વિષે પૂરી વાર્તા કરેલી. પૂ. શ્રી એ મને જણાવવું કે એ મહાપુરૂષ અમર રાજા ગોપીચંદ હતા. આમ રાજા ગોપીચંદના મે ૨૧ દિવસ શ્રી દત્ત ટૂંક પર રોજ દર્શન કર્યા છે, વાતો કરી ચરણ સ્પર્શ કર્યો. મને અનહદ આનંદ થયો. મારું જીવન ધન્ય બની ગયું.

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

**ૐ**

ૐ

# મહાશિવરાત્રી અને ચમત્કાર

ગિરનારમાં મહાશિવરાત્રીનું અનોખું મહાત્મય છે દિગંબર સિધ્ધ સંતો ભવનાથ (ભોલેનાથ)ના દર્શન માટે આવે છે. મોટો માનવ મહેરામણ હોય છે, આ સંત સિધ્ધો એકાદ વર્ષની તપશ્ચર્યા બાદ વર્ષે એકવાર દિવ્ય ગુફાઓ માંથી બહાર આવતા હોય છે.

મહાશિવરાત્રી હોવાથી પૂ. અમૃતગિરી બાપુના દર્શન કરીને કમંડલું કુંડ પ્રયાણ કરવા ગિરનાર ચઢવા લાગ્યો. આમ તો બધા પગથિયા મારફતે ગિરનાર ચઢે છે. પરંતુ મે શિલાઓ અને ઝાડીઓમાંની ગિરનાર ચઢવાનું શરૂ કર્યું. મોટી મોટી શિલાઓ ઠેકી જતો. ઝાડીઓ પણ ઓળંગી જતો ઝાડ ઉપર લટકી ડાળીઓ દ્વારા મોટા ખાડાઓ એક શિલાથી બીજી શિલા પર આરોહણ કરીને ઓળંગી જતો. અનોખા સાહસની કથા. એક કલાકનું ચઢાણ કર્યું હશે ત્યાં વેલનાથ બાવાની સમાધિ આવી.

ત્યાંની ઉપર ચઢવા જતાં મોટા સીધો પર્વત સામે આવ્યો. છતાં સાહસ કર્યું તો પર્વત પર એક ગુફા મળી. આ ગુફામાં બગલ થેલો મૂકી મહાશિવરાત્રી હોવાથી ધ્યાનમાં બેસવાનો નિર્ણય કર્યો. તરસ લાગી હોવાથી નીચે ગયો. ત્યાં પાણીના વીરડાં (ઝરણાં) હતાં. તેની સંખ્યા સાત છે. થોડું પાણી હતું. મેં પણ વીરડામાંથી પાણી પીધું. ત્યાં એક યાત્રાળુ પાસેથી જાણવા મળ્યું કે, વેલનાથ બાવાની સમાધિએ આજે ભજન છે અને આ બધા યાત્રાળુઓ સમાધિ પાસે શ્રીફળ વધેરે છે.

આ સાતે વીરડામાં પાણી સુકાઈ જવા આવ્યું છે. તે ફરીથી ફૂલ પાણીની ભરાઈ જાય તે હેતુથી આ યાત્રાળુઓ શ્રીફળ વધેરે છે.

મેં કહ્યું પાણી તો મેં પણ પીધું, ઓછું પાણી છે.

આ પછીથી હું પર્વત ચઢી ગુફામાં જઈ ધ્યાનમાં બેઠો અને સંકલ્પ કર્યા કે સાતેય વિસામાં પાણી આવવું જ જોઈએ. આજે મહાશિવરાત્રી તો છે જ.

આ બાજુ વેલનાથ બાવાની સમાધિએ ૬૦૦ થી ૭૦૦ શ્રીફળ વધેરાયા અને ભજન મંડળી આવી ભજનો લલકારવા લાગી. બીજી તરફ હું પણ આખો દિવસ ગુફામાં પાણી મળે તે હેતુથી ધ્યાનમાં બેઠો.

સાંજના સાત વાગે ખુશીની લહેરી ફેલાઈ ગઈ. ભજન મંડળીએ વેલનાથ બાવા અને ભગવાન દત્તાત્રેયની જય બોલાઈ.

એક યાત્રાળુએ ત્રાડ પાડી કે, ફૂલ પાણી વીરડાઓમાં આવી ગયું. મને પણ બૂમ પાડી કે, મહારાજ નીચે આવી જાવ પાણી આવી ગયું છે.

હું નીચે આવ્યો. વેલનાથ બાવાની સમાધિએ દર્શન કર્યા પછી પાણી પીવા વીરડા તરફ ગયો. આશ્ચર્ય ! સાત સાત વીરડાં છલો છલ પાણીથી ભરાઈ ગયા હતા !!! ભજન મંડળીના સભ્યોએ અને મે નજરે ચમત્કાર નિહાળ્યો. શ્રી દત્તાત્રેય ભગવાનની મહાશિવરાત્રીના દિવસે કૃપા થઈ. ચમત્કારી વિરડાઓમાંથી પાણી પીધું.

ભજન – મંડળી પછીથી હું પણ ધીરે રહી કમડલું કુંડ જવા રવાના

થયો.

રાત્રે ૧૧ કલાકે કમડલું કુંડે પહોચી ગયો. સેવકોએ બાફેલા બટાકાની પ્રસાદી મારે માટે રાખી હતી. તે આરોગી શિવરાત્રીને ઉપવાસકરી ૧૨ વાગ્યા સુધી કમંડલુ કૂડે જાગરણ કર્યું. આમ ચમત્કારી મહાશિવરાત્રી ગિરનારના કમડલું કુંડે કરી.

જય ગિરનારી ।

અલખ નિરંજન ॥

ૐ

ૐ

# સિધ્ધેશ્વરી જગદંબા દર્શન !!!

બે મહિના ગિરનારની શ્રી દત્ત ટુંક પર ધ્યાનમાં વિતાવ્યા રોજ દસ બાર કલાક ધ્યાનમાં વીતાવતો. અલ્પ આહાર લેતો પછી થી એક દિવસ...

મહાકાળીની ગુફામાં ગયો. વરસાદના દિવસો,બે દિવસના ઉપવાસ કર્યા. આખી રાત્રી ગુફામાં જાગરણ કર્યું.

હે માઁ જગદંબા દર્શન દો ! બે દિવસ પછી ઘોર જંગલમાં પ્રયાણ કર્યું. ઉઘાડા પગે. બગલ થેલો પણ નહીં. સવારના કમડલુ કુડે આઠ વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી ઘોર જંગલમાં ચાલ્યો.

એક ગુફા આવી. ત્યાં આરામ કર્યો ઉડતી ઉડતી એક ભમરી આવી !

ત્યાંથી (ગુફાથી) આગળ જતાં એક મહાદેવનું મંદિર મળ્યું ! મહાદેવના મંદિર પાસે ૨૦૦ થી ૨૫૦ મોર નાચતાં કુદતાં જોવામાં આવ્યા !!!

મનો મન એમ થયું કે જરૂર કોઈ મહાપુરુષ, જગદંબા કે ભગવાન દત્તાત્રેય આટલામાં જ હોવા જોઈએ. શિવાલયમાં દર્શન કર્યા. ત્યાં બોર્ડમાં લખ્યું હતું કે નરસિંહ મહેતાએ આ જગ્યાએ તપ કરી મહાદેવને પ્રસન્ન કરેલા અને ભગવાન શિવે તેમને ભગવાન કૃષ્ણની રાસલીલા બતાવેલી. તેજ આ મહાદેવ !

મે પણ પાંચ મિનિટ શિવલિંગના દર્શન કર્યા અને માંગ્યું હે પ્રભુ મને પણ દર્શન કરાવો. ત્રણ દિવસથી હું પણ દર્શને માટે તડપું

છું. રાત્રી આખી મહાકાળીની ગુફાએ વિતાવી. મારી આજીજી મહાદેવે સાંભળી ! અને ! થોડે દૂર એક ઝૂંપડીમાં સન્યાસીની ઉભા હતાં. મોટી મોટી મહાકાળી જેવી આંખો ભગવા કપડાં અને ચામડી તપસ્વીની સિધ્ધેશ્વરી હોય તેવી સાક્ષી પૂરતા હતા. ઘોર જંગલ હતું, તેઓ શ્રીના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા. શ્લોક બોલ્યો.

સર્વમંગલ માંગલ્યે શિવ સર્વાર્થ સાધિકે!

શરણ્યે ત્ર્યંબકે ગૌરી નારાયણી નમોસ્તુતે ॥

આતો, સિધ્ધેશ્વરી જગદંબાનું ૨૫૦ મોરની સાથે ઘોર જંગલમાં દર્શન !

મેં માને કહ્યું.

માં પેલાં મહાદેવ પાસે ૨૦૦ થી ૨૫૦ મોર રમે છે. તેઓ ફરી મરક મરક હસ્યાં. તેઓ શ્રીએ મને કહ્યું તું બેસ, મને પાણી આપ્યું.

મને કહ્યું તું સવારનો ભૂખ્યો તરસ્યો લાગે છે. પાણી પી તેઓ ઝૂંપડીમાં ગયા, સફેદ કપડામાં સજજ એક ઝડપી સેવકપાસે હા મુકાવી.

હું બેઠો સ્તુતિ કરવા લાગ્યો પેલા મોર જોઉ અને માને જોઉં. માએ મને ચ્હા આપી.

ચ્હા પીધી ! પ. પૂ. બાપજીએ મને પછીથી કહ્યું હતું કે આ ઘોર ગિરનારના જંગલોમાં બોરદેવી રૂપે (મહાકાળી) ઘણાંને દર્શન આપે છે.

જયાં દિગંબર સાધુઓ વસતા હોય ત્યાં ઘોર જંગલમાં સિધ્ધેશ્વરી જગદંબા સાધ્વીજી ! આશ્ચર્ય !

માંએ મને કહ્યું સાંજ પડતાં પહેલાં કમડલું કુંડે પહોંચી જા.

આમ સિધ્ધેશ્વરી જગદંબાએ ૨૫૦ મોર સાથે પ્રગટ થઈ દર્શન આપી રહ્યા પીવડાવી ! અને મારી સાથે વાતો કરી ! મેં તેઓ શ્રીનો ચરણ સ્પર્શ કર્યો.

મારી પ્રાર્થના મથુરેશ્વર મહાદેવે સાંભળી ખરી.

જેવા નરસિંહ મહેતાને મહાદેવ ફળ્યા તેવા તેજ મહાદેવ મને પણ ફળ્યા.

જય ગિરનારી ! તેરા ભરોસા હે ભારી !

જય ગિરનારી ।

અલખ નિરંજન ॥

ૐ

ॐ

# આત્મપ્રકાશ અને અમૃતગિરિ બાપુ

પ. પૂ. બાપુ શ્રી અમૃતગિરિ અવધૂતી મસ્તીમાં રહેતાં. એક દિવસ મને કહ્યું તારે મારી સાથે હરિદ્વાર આવવાનું છે. મારા રોમે રોમમાં આનંદની ગંગા વહેવા લાગી.

પ. પૂ. બાપુ એટલે અદ્ભૂત તપસ્વી મહાપુરુષ, તેઓ શ્રીએ તપશ્ચર્યા કરી. ભગવાન દત્તાત્રેય અને મહાકાળી માતાજીના દર્શન કરેલાં ઘણાં સંતો થઈ ગયા પણ ભગવાન અને જગદંબાના દર્શન કર્યા હોય તેવા સંતો ભારતભરમાં ઘણાં સમયથી થયા નથી.

પૂ. બાપુએ મારૂતિ મંગાવી. રાણપુરથી હરિદ્વાર સુધી મારૂતિ કરી. મને કહ્યું આપણે તારે ઘેર પણ જઈશું.

રાણપુર ચોખ્ખા ઘીના દિવાની આરતી થતી રોજ ૨૫ થી ૩૦ દિવા. બાપુ આરતી સમયે પ્રગટાવી આપતાં ઝાલર પણ ખૂબ સરસ રણકતી.

અડધો કલાક આરતી ચાલતી !

પૂ.બાપુ એક કોથળો લેતા, તેમાં એક તપેલી, પ્રાયમસ અને બે જોડી કપડાં, ભસ્મની ડબ્બી રાખતાં. આ તેમની યાત્રા સામગ્રી!

પૂ. બાપુ મારા ગામ ધોળકાના પાદરે પહોંચ્યા ત્યારે મારૂતિ ઉભી રખાવી બાલા હનુમાનના મંદિરે ચ્હા મૂકો.

જે મંદિરની સામે તળાવે મધ્યે ઋષિઓની બેઠક છે. ત્યાં અત્યારે મેં મંદિર બનાવડાવ્યું છે અને તપશ્ચર્યા પણ કરી છે.

તેજ જગ્યાએ પૂ. બાપુને પ્રેરણા થતાં ચ્હા મૂકાવી અને અમને બધાને પીવડાવી. પછી મારૂતિ મારા ઘેર લીધી પૂ. બાપુએ મારા બા. પૂ. પુષ્પાબાને દર્શન આપ્યા. પૂ. બાએ ઢેબરા બનાવ્યા હતા, તે અને

સુખડી હરિદ્વાર માટે બાંધી આપ્યા અને પૂ. બાપુએ ઢેબરા ચ્હા સાથે ખાધા પણ ખરા.

અમારું ઘર ધન્ય થઈ ગયું. ગિરનાર કમડલું કુંડના તપોનિષ્ઠ મહંત શ્રી અમારે ઘેર પધાર્યા !

મારૂતિ પાછી ઉપડી અને હરિદ્વાર અખાડા પર આવ્યા. ત્યાં દિગંબર સાધુઓ શ્રી દત્ત ભગવાનનો ધુણો રાખી ઉપાસના કરતા હતા.

આખો દિવસ પૂ. બાપુ ઘણા પાસે અખાડામાં નહોતા રહેતા. થોડી વાર ધુણે બેસી અમને એક લાયબ્રેરીમાં લઈ જતા ત્યાં આખો દિવસ ગાર્ડનમાં ઉભા પગે બેસી રહેતાં. આહારમાં માત્ર ચ્હા પીતા. શ્રી દત્ત ભગવાનનું સ્મરણ કરતાં પૂ. બાપુ ન્હાવા એક મંદિરે લઈ જતા ત્યાં ડંકીએ ન્હાઈ – ધોઈ અખાડા પર થઈને લાયબ્રેરી આવી જતાં આવી રીતે પંદર દિવસ પૂ. બાપુએ અને મેં ચ્હા પર વીતાવ્યા. પૂ. બાપુ એ પછી મને...

એક દિવસ પુડલો ખવડાવ્યો. ખૂબ દિવ્ય પુડલો. તેનો સ્વાદ હજી પણ યાદ આવે છે. એક દિવસ પૂ. બાપુ અમને ઋષિકેશ ગંગાજીમાં ન્હાવા લઈ ગયા. પૂ. બાપુએ સ્નાન કર્યું.

મેં પણ આટલા ઉપવાસ પછીની ગંગાજીમાં ડુબકી લગાવી. અહા ! આશ્ચર્ય દિવ્ય પ્રકાશ ! એકાદ કલાક આ પ્રકાશ રહ્યો પૂ. બાપુએ ન્હાઈ ધોઈને રૂદ્રાક્ષની માળાઓ વહેંચી.

મને પણ એક રૂદ્રાક્ષની માળા આપી જે હજુ સુધી મારી પાસે છે. પૂ. બાપુની હરિદ્વારથી મળેલી પ્રસાદી એટલે રૂદ્રાક્ષની માળા અને આત્મ પ્રકાશ !

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

**ૐ**

ॐ

# ૫. પૂ. શ્રી બાવાજીરામ મહારાજ અને સાનિધ્ય

૫. પૂ. બાવારામ મહારાજ એટેલ મહાતપસ્વી એક સાદા સીધા ખેડૂત. તેઓ શ્રીએ ગિરનારમાં અઢી વર્ષ પદમાસન (એક જ આસન પર બેસીને) અને હિમાલયમાં દોઢ વર્ષ પદમાસનમાં એક જ આસન પર સળંગ બેસીને તપશ્ચર્યા કરી હતી! તેઓ શ્રીએ ભગવાન દત્તાત્રેય અને માં ભગવતી ગાયત્રીના દર્શન કરેલા. આ ઉપરાંત તેઓ શ્રી ૧૧ વખત સંઘ લઈને દ્વારિકા ગયેલા અને ત્યાં ભગવાન શ્રી કૃષ્ણને દ્વારિકાની બજારમાં ભેટેલા.

આવા એક સાચા ખેડૂત સંત તરીકે તેઓ શ્રીની જીવનયાત્રા ચાલતી. તેઓ શ્રી ખેતી જાતે કરતાં, હળ પણ હાંકતા. બાજરીનો રોટલો અને કઢી તેમને ભાવતી, ભગવાન અને જગદંબાના દર્શન કરેલા સંતો જુજ જોવા મળે છે.

રાત્રીએ તેઓ શ્રી રાયણના ઝાડ નીચે આખી રાત્રી તપશ્ચર્યા કરતાં તેઓ શ્રીના કહ્યા પ્રમાણે તેમના ખેતરમાં ખોદકામ કરવાથી એક રૂદ્રાક્ષની માળા (૨૭ મણકાની) નંદિશ્વરની મૂર્તિ અને અખંડ જ્યોત મળેલા. જે રાયણના ઝાડ નીચે તેઓ શ્રી ધ્યાનમાં બેસતાં તે રાયણના ઝાડના પાને પાને દીવા થતાં.

આ રૂદ્રાક્ષની માળા નંદી અને અખંડ જયોત હજુ પણ ગાયત્રી મહાશક્તિ પીઠ કાસોર ગામે મૌજુદ છે.

આવા સાદા સીધા તપસ્વી સંત ૫. પૂ. બાવાજીરામ મહારાજની નિશ્રામાં મેં મારા જીવનનાં ચાર વર્ષ વિતાવેલાં છે. તેઓ શ્રીની અંગત સેવા મંદિરની પૂજા રસોડાનું (અન્નક્ષેત્ર)ની જવાબદારી ફુલઝાડને પાણી પીવડાવવાનું. ૫. પૂ. બાવાજીરામ

મહારાજ અને અલખજી મહારાજના કપડાં ધોવા. તેમને ન્હા પીવડાવવી, ગરમ પાણી કાઢી આપવું તેઓ શ્રીને પાણી પીવડાવવું જેવી અંગત અને પવિત્ર સેવાઓ મેં ઉમંગથી કરેલી છે. જેવી રીત પહેલાના રાજકુમારો ઋષિમુનિઓને ત્યાં આશ્રમમાં બ્રહ્મવિદ્યા ભણવા જતાં તેમ હું પણ બ્રહ્મવિદ્યાઓ પવિત્ર આશ્રમમાં રહીને ભવ્યો છું. દિવ્ય વાતાવરણમાં વર્ષો વીતાવેલા છે.

૫. પૂ. બાવાજીરામ મહારાજને એક વખતે પાંચ ઘેર જમવા જવાના નિમંત્રણો મળ્યા. તેઓ શ્રી પાંચે ઘેર પાંચ રૂપ ધરીને જમી આવ્યા હતાં ! અને બધા જ નિમંત્રણોનો સ્વીકાર કરેલો !.

આવા અદ્ભૂત સંતોની પાસે રહીને બ્રહ્મ વિદ્યા પ્રાપ્ત કરવાનો મને અમૂલ્ય લ્હાવો મળ્યો છે.

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

**ૐ**

ૐ

# પ. પૂ. ૧૦૦૮ શ્રી શ્રી શ્રી મહા મંડલેશ્વર શ્રી અલગગિરીજી મહારાજ અને સાનિધ્ય

પ. પૂ. અલખજી મહારાજ એટલે પ. પૂ. (બાવાજીરામ) મહારાજના એક તપસ્વી પુત્ર.

પ. પૂ. અલખજી મહારાજે કૈલાસ શિખર પર તપશ્ચર્યા કરી. ભગવાન શંકરને પ્રસન્ન કરેલા છે. (દર્શન કરેલા છે.) આ ઉપરાંત ભગવાન દત્તાત્રેય અને માં ભગવતી ગાયત્રીનો પણ સાક્ષાત્કાર કરેલો છે. આ માટે તેમણે કુલ મળીને ૪૦ વર્ષ તપશ્ચર્યામાં ગાળ્યા છે. આવા સંતો જુજ જોવામાં આવે છે.

તેઓ શ્રી ગિરનારના પણ ભોમિયા છે. તેમણે ગિરનારની ૪૨ પરિક્રમાઓ પૂર્ણ કરેલ છે. તેઓ શ્રી દર વર્ષે હિમાલય જતાં. ત્યાં બાબા સર્વેશ્વરાનંદને મળતા (૭૦૦ વર્ષના સિધ્ધપુરુષ). તેમના દ્વારા તેમને સિધ્ધાશ્રમ હિમાલયમાં લઈ જવામાં આવેલા અને ત્યાં વિદ્યમાન ૩૩૧ સિદ્ધોની શિખરિમાં તેઓ શ્રીએ ગાયત્રી કથા સંભળાવી હતી. તેઓશ્રીએ નવનાથ (અમર પુરુષો)ના પણ દર્શન કરેલ છે.

આવા મહાન તપસ્વી અને પ્રાતઃ સ્મરણીય સંતના સાનિધ્યમાં હું ઘણાં વર્ષો રહ્યો છું. તેમના આશ્રમમાં હું રહેતો અને વિવિધ પ્રવૃત્તિઓમાં રસ લેતો. તેમના શરીર પરની વાઈબ્રેશનનો પ્રવાહ ચાલુ જ રહે છે અને આપણા શરીર ના રોમ રોમ આ વાઈબ્રેશનથી પુલકીત થઈ જાય છે.

તેઓશ્રીએ ગાયત્રી ચાલીસા, ગાયત્રી વિસા અને ગાયત્રી ધૂનની રચના કરી છે તથા વિશ્વ ગાયત્રી માસિક ચલાવે છે. ગાયત્રી મહાશક્તિ પીઠ, કાસોર પર તેઓ બિરાજમાન છે.

આવા અદ્ભૂત સંતના સાનિધ્યમાં વર્ષો વીતાવવાનો મને અમૂલ્ય લ્વાહો મળ્યો છે.

જય ગિરનારી ।

અલખ નિરંજન ॥

ૐ

ૐ

# ગિરનારની પરિક્રમા અને ગેબીનાથ દર્શન

ગિરનારની પરિક્રમા વખતે પ. પૂ. અલખજી મહારાજ પાસે ગિરનાર સનાતન ધર્મશાળામાં હું પહોંચી ગયો. સવારે ત્રણ વાગે સ્નાન વિધીથી પરવારી અમે બધા શિષ્યો પ. પૂ. સ્વામીશ્રી (અલખજી મહારાજ) સામે ધ્યાનમાં બેઠા.

ધ્યાન પૂર્ણ કરાવતાં તેમણે જણાવ્યું કે આજે આપણને બધાને પરિક્રમા દરમ્યાન ગોરખનાથ અને ગેબીનાથના દર્શન થશે.

મારા તો આનંદનો પાર ન રહ્યો. ગુરુજીના ધ્યાન પછી દરેકને ભસ્મનું તિલક કરવામાં આવ્યું.

પરિક્રમા દરમ્યાન અમે કશુ સાથે લીધું નહોતું. કેટલા ભક્તો પાંચ દિવસ જંગલમાં વિતાવે છે અને સીધું સામાન તથા વોટરબેગ સાથે લઈ ધીરે ધીરે ગિરનારની પરિક્રમા પુરી કરે છે.

સવારના ચાર વાગે અમે ભવનાથ મહાદેવના દર્શન કરી પરિક્રમા શરૂ કરી. પરિક્રમા દરમ્યાન જંગલોમાં ખૂબ મજા આવી. પ. પૂ. અલખજી મહારાજે જીણાબાવાની મઢી પછી આવતી મારવેલની પવિત્ર જગ્યાના મને દર્શન કરાવ્યા. આ મારવેલની ગુફામાં પ. પૂ. બાવાજીરામ મહારાજે એક જ આસને અઢી વર્ષ તપશ્ચર્યા કરી હતી. તપશ્ચર્યા શરૂ કરી ત્યારે તેમની ઉંમર ૧૫ વર્ષની હશે.

ત્યાર પછી બોરદેવી પાસે ખોડિયારમાનું મંદિર આવતા પ. પૂ. સ્વામીશ્રી (અલખજી મહારાજ) ખોડિયાર મંદિર પાછળ પરિક્રમાનો રસ્તો મૂકીને ગયા.

આ દરમ્યાન ખોડિયાર મંદિર પાસેની બંને દિવાલો પાસે રહેલાં સંતોના મેં દર્શન કર્યા. ખોડિયાર માતાજીના પણ દર્શન કર્યા. આ સંતોના વૃંદમાં અમર પુરુષ ગેબીનાથ હતા તેમના પણ મારે દર્શન થયા.

આમ હું ગિરનાર પરિક્રમા દરમ્યાન ગેબીનાથના (અમર મહાપુરુષના) દર્શન કરવા ભાગ્યશાળી બન્યો. પૂ. સ્વામી અલખજી મહારાજ સાથે આ વાતની સ્પષ્ટતા પણ કરવામાં આવી.

આ પછી થી ઘણાં વર્ષો બાદ ગિરનારની પરિક્રમા સમયે જ પં. પૂ. અલખજી મહારાજના આશીર્વાદ મળતાં મને કાર્તિક સુદ પુનમના દિવસે ફરીથી ગેબીનાથ ભગવાનના દર્શન સવારમાં થયાં. રાત્રીના ત્રણ વાગ્યાના સવારના પાંચ વાગ્યા સુધી મારી સામે પ્રત્યક્ષ રહ્યા.

તેઓ શ્રી (ભગવાન ગેબીનાથ) મને સ્પર્શ કરી શકતાં અને મારા મનમાં પણ પ્રવેશ કરતાં. હું તેઓ શ્રીને સ્પષ્ટ જોઈ શકતો હતો.

આવું દર્શન મને સળંગ ત્રણ કલાક રહ્યું હતું.

આમ ખોડિયાર મંદિરેથી કમંડલુકુંડ પર પ. પૂ. અવધૂત સંત–મહંત અમૃતગિરિબાપુના દર્શન થયા. પ્રસાદી ગ્રહણ કરી ઘુણા ઉપરની મેં કોથળીમાં ભભૂતિ પ્રસાદ રૂપે પૂ. સ્વામીજીના કહેવાથી લીધી.

આ પછી.પ. પૂ. અમૃતગિરિ બાપુ અને પ. પૂ. અલખજી મહારાજ દર્શન કરતાં હતાં ત્યારે દત્ત ભગવાનના ઘુણા પાસે રહેલી શ્રી દત્ત ભગવાનની મૂર્તિમાંની એક તેજ નીકળે છે અને તે તેજ પહેલા અમૃતગિરિ બાપુના બ્રહ્મન્ધ્રમાં જાય છે અને પછીથી પ. પૂ. અલખજી મહારાજના બ્રહ્મરન્દ્રમાં જાય છે. જે ફોટા સ્વરૂપે મારી પાસે અત્યારે પણ વિધમાન છે.

આમ ગિરનારની પરિક્રમમાં મને ગેબીનાથ ભગવાનનાં દર્શન થયાં અને અદ્દભૂત તેજો વલયના (દિવ્ય શક્તિપાતના) પણ દર્શન થયાં જય ગિરનારી !

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

**ૐ**

ॐ

# આધ્યાત્મિક જ્યોતિષ અને મારી કુંડળી

મેં ભુવનેશ્વરી પંચાગ પરથી ૧૦૮ સંતોની કુંડળી દોરીને આધ્યાત્મીક ફળાદેશનો અભ્યાસ કરેલો છે. જેના પરથી તારવેલા મુખ્ય તારણો નીચે મુજબ છે.

(૧) જેટલા ઉચ્ચસ્થ ગ્રહો હોય તેટલી કુંડળી સફળતા પ્રદાન કરે છે, બળવાન બને છે અને મોક્ષ ગ્રાહી બને છે. ચાર પાંચ ગ્રહો ઉચ્ચસ્થ હોય તો તેવી કુંડળી રાજયોગ બનાવે છે. મારી નવમાંસ કુંડળીમાં પાંચ ગ્રહ દ્રષ્ટિ ઉચ્ચસ્થ અને બે ગ્રહ સ્વગૃહી છે.

(૨) જેટલા સ્વગ્રુહી (મૂળ ત્રીકોણ) રાશીના ગ્રહો કુંડળીમાં વધારે એટલી કુંડળી સફળતા આપનારી અને બળવાન બને છે.

(૩) ત્રિકોણનો અધિપતિ કેન્દ્રમાં અને કેન્દ્રનો અધિપતિ ત્રિકોણમાં હોય તો તે ગ્રહ તેની દશા અંતરદશામાં ખૂબ સારું ફળ આપે છે.


(૪) શનિ અને ગુરૂનો સંબંધ પ્રવયાયોગ બનાવતો હોવાથી વ્યક્તિ વૈરાગ્ય પ્રધાન અને ધર્મનીષ્ઠ હોય છે. પાંચ કે વધારે ગ્રહો દ્રષ્ટિથી કે અન્ય રીતે એક સ્થાનમાં એકત્ર થતા પ્રવજવા યોગ બને છે.

(૫) સુર્ય અને ચંદ્ર સામ સામે હોય તો પૂનમનો જન્મ હોય છે. અને સૂર્ય ચંદ્ર સાથે હોય તો અમાસનો જન્મ હોય છે.

હનુમાનજી અને ભગવાન દત્તાત્રેયનો જન્મ પૂનમનો છે. મારો જન્મ ગુરૂ પૂનમે છે.


પૂનમે સૂર્ય અને ચંદ્રની આજુબાજુ બીજે અને બારમે ગ્રહો હોય તો વેશિ વોશિ, સનફા, અનફા અને દુર્ધરા નામના શુભ ધનયોગો બને છે.

**સિદ્ધયોગી અને ઉપાસક શ્રી પુનિતની લગ્ન કુંડળી**




કન્યા લગ્ન અને શંકરાચાર્યની જેમ લગ્નેશ બારમે મોક્ષ સ્થાનમાં છે.
(ગુરૂ પૂનમનો જન્મ)

**શ્રી પુનિત નવમાંશ કુંડળી**




પાંચ ગ્રહો પૂર્ણ દ્રષ્ટિથી ઉચ્ચસ્થ છે અને બે ગ્રહો સ્વગ્રહી મૂળ ત્રિકોણ રાશિના છે.
રાજ યોગ પ્રદાતા કુંડળી

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

**ૐ**

ૐ

# નિયમિત કઠોર તપશ્ચર્યાઓ અને આત્મ સાક્ષાત્કાર

શ્રી દત્તાત્રેય ભગવાનની અને મા મહાલક્ષ્મીની કૃપાથી હું આખી રાત્રી વર્ષા સુધી ધ્યાનમાં બેસતો. પ. પૂ. તારાબા અને સુર્યાબાના આશ્રમમાં હું ઘણાં વર્ષો રહ્યો અને સંપર્કમાં છું. તેમને ત્યાં ઘણી વખતે સેવાથી પરવારી આખી રાત્રી ધ્યાનમાં બેસવાનો મે અભ્યાસ કરેલો.

આ ઉપરાંત હું ઘેર ત્રણ વર્ષ, છ મહિના બાપજીની કુટિર પર, ઉંટવાળી માતાએ છ મહિના, ચીકલી તળાવ મધ્યે છ મહિના, ગાયત્રી મંદિરના ભોયરામાં છ મહિના, સંદિપના મકાનના ધાબે છ મહિના, ગિરનાર કમડલું કુંડ અને શ્રી દત્ત ટૂંક પર ૧ વર્ષ, કલિકુંડ દેરાસર પર પાંચ વર્ષ નિયમિત ધ્યાનમાં વિતાવેલા છે.

ધ્યાન ઘણાં વર્ષો આખી રાત્રી કરવામાં આવેલું છે અને ઘણાં વર્ષો દિવસના આઠ થી દસ કલાક ધ્યાનમાં વિતાવેલા છે.

આમ ૧૨થી વધારે વર્ષ સુધી આઠ કલાકથી વધારે કલાક ધ્યાનમાં વિતાવવામાં આવેલ છે. અને ત્યાર પછીથી હું દિવ્ય પ્રકાશના સતત દર્શન કરી શકું છું. એટલે કે તેને ઈશ્વર દર્શન યોગીઓ કહે છે.

હું દિવ્ય ચ્હા પીઉં છું., હું દિવ્ય ન્યૂઝ પેપર વાંચું છું.<br>
હું દિવ્ય પાણી પીઉં છું, હું દિવ્ય દુનિયામાં રહું છું.<br>
હું દિવ્ય પુસ્તકો વાચું છું.

**જય ગિરનારી ।**<br>
**અલખ નિરંજન ॥**<br>
ૐ

ૐ

# માં ઉટવાળીનું દિવ્ય દર્શન

ધોળકા ગામની બહાર ઉટવાળી માતાનું મંદિર આવેલું છે. મંદિર પાસે તળાવ છે. એક પાણીની વાવ છે. જેનું પાણી રોગ દૂર કરે છે. આ પાણી લેવા માટે યાત્રાળુઓ ક્યાયં ક્યાંયથી આવે છે. આ ઉપરાંત નવરાત્રી મહાદેવ છે. આ જગ્યા ચમત્કારી મનાય છે. કહેવાય છે કે લાખા વણઝારાએ આ મંદિર બનાવડાવેલું છે. આ મંદિર પર મેં સાધના કેટલી છે. ૬ મહિના આખી રાત્રી પર્યંત ધ્યાન કર્યું છે. ૬ મહિના સુધી આહારમાં માત્ર બાફેલા બટાકા લેવામાં આવેલ છે.

આ તપશ્ચર્યા પછી એક ઊંટ પર સાક્ષાત દેદીપ્યમાન ઊંટવાળી માતાનું દર્શન નવ જોગણીઓ સાથે મંદિરની પરિસરમાં થયેલું. આ મંદિરમાં ઊંટ આવી શકે તેમ છે જ નહીં છતાં આ બધું સત્ય મંદિરની પરિસરમાં જ ઘટેલું છે.

મા ઊંટ ઉપરથી ઉતરી વાવમાંની પાણી લઈ આવ્યા અને મને કહ્યું “મહારાજ અહીંયા રહો છો ! રહો ત્યારે ! આશીર્વાદ આપ્યા ભર બપોર હોવા છતાં માં ઊંટવાળી એકલાજ પાણીનું નાનું ડોલચું ભરી આવ્યા અને મને સંબોધન કર્યું. બાકીના આઠ માતાજીઓ ગધેડા, ભેંસ વગેરે પ્રાણીઓ પર બેઠા હતા. પાણી વાવનું પીધું પણ નહીં. ઉનાળાનો બળ બળતો તાપ ભર બપોર હતો છતાં ! જાણે મને દર્શન બાપવા જ પધાર્યા હોય ! નવેય જોગ માયા દેદિપ્યમાન હતાં !!!

જય ગિરનારી ।

અલખ નિરંજન ॥

ૐ

ॐ

# મરાઠી બ્રાહ્મણ તરીકે ભગવાન દત્તાત્રેયનું દર્શન

નર્મદા કિનારો એટલે સુરમ્ય વાતાવરણ નદીના પાણી પરની પવનની મીઠી મધુર લહેરો આવે. નર્મદા પરિક્રમા કરવા જવાનું મનો મન નક્કી કર્યું.

બસમાં શુક્લતીર્થ પહોંચી ગયો. ત્યાંની પરિક્રમા ચાલુ કરી.

નિયમ લીધો કે નર્મદા નદીના પાણીના દર્શન મૂકીને દૂર જવાનું નહીં. આ ઉપરાંત નદીનું પાણી કે અન્ય પાણી પરિક્રમા દરમ્યાન પીવાનું નહીં.

ભોજન પણ ક્યાંય લેવાનું નહીં. રાત્રે નદી કિનારે રેતીમાં જ આરામ કરવાનો ક્યાંય ધર્મશાળા કે મકાન શોધવા જવાનું નહીં.

શુક્લતીર્થથી નર્મદા પરિક્રમા ઉપરોક્ત નિયમો સાથે શરૂ કરી. પહેલા દિવસે સ્લીપર તુટી ગઈ. ઉઘાડા પગે પરિક્રમા ચાલુ રાખી. રાત્રી આખી ધૂળમાં નદી કિનારે આરામ ફરમાવ્યો. મા નર્મદા અને શ્રી દત્ત ભગવાને યાદ રાખી પરિક્રમા આગળ ચાલતી.

ચાર દિવસ થયાં હશે. શુક્લતીર્થની નારેશ્વર પહોંચ્યો. શ્રી દત્તાત્રેય ભગવાનનાં દર્શન કરીને તેમની મૂર્તિ સામે ધ્યાન લગાવ્યું. ચાર દિવસથી પાણી પણ પીધેલું નહીં. અડધો કલાક વીતાવ્યો હશે. ત્યાં એક મરાઠી બ્રાહ્મણ મારી પાસે આવ્યા. આવીને મને કહ્યું કે હું ગંગાપુરથી આવું છું અને મારે તમને જમાડવા છે. આ બાજુ યાત્રાળુઓની મંડળી ધૂન કરતી હતી કે 'દિગંબરા દિગંબરા શ્રી પાદ વલ્લભ દિગંબરા !"

મેં વિચાર્યું ગંગાપુર તો દત્તાત્રેય ભગવાનની જગ્યા છે. ભગવાન દત્તાત્રેય નિત્યક્રમમાં ગંગાપુરમાં ધ્યાન કરે છે. આ મંડળી શ્રીપાદ વલ્લભ ભગવાનની ધૂન કરે છે. હું પેલા મરાઠી બ્રાહ્મણની વાતને અનુસર્યો. તેઓ ભોજનશાળામાંથી મારે માટે એક પાસ લઈ આવ્યા. ભોજન શાળામાં હમણાં જ ભોજન શરૂ થયું હતું. મને થયું મારી સાથે તેમને પણ જમવાનું બાકી હશે. એટલે બંનેનો પાસ લાવશે. પરંતુ તેઓ મારા એકલાનો ભોજન પાસ લાવ્યા. મને ભોજન પાસ આપી ભોજન શાળામાં મૂકીને ચાલ્યા ગયા.

મેં ભોજન લીધું. પરંતુ જીવ પેલા મરાઠી બ્રાહ્મણ વેશે આવેલ યાત્રાળુ પાસે કે તેમને ખબર કેવી રીતે પડી કે હું ઘણાં દિવસથી ભૂખ્યો તરસ્યો છું.

ખેર ! પણ સામેથી તેમણે મને ઓળખાણ આપી ધ્યાનમાંથી જગાડયો અને કહ્યું કે ગંગાપુરથી આવું છું. મને થયું ચાલ જમી તો લઉં. મે ભોજનશાળામાં ભોજન ઝડપથી લીધું અને વિચાર્યું કે મારે પારણા થઈ ગયા હવે હું પાછો ઘેર ફરીશ. આ માટે ટીકીટના પચાસ રૂપિયા પેલા મરાઠી બ્રાહ્મણ પાસેથી લઈ લઈશ.

મેં તે મરાઠી બ્રાહ્મણને મંદિરની પરિસરમાં સ્નાન ઘાટ પર, બસ સ્ટેશન પર ભોજન શાળામાં લગભગ એક કલાક સુધી શોધ્યા. ક્યાંય જોવા મળ્યા નહીં.

બસ સ્ટેશને પૂછ્યું બે બસ પડી હતી તેમણે કહ્યું હમણાં એક કલાકમાં એક પણ બસ ઉપડી નથી. ગંગાપુરની એકપણ બસ આવી નથી.

તો પેલા બ્રાહ્મણ ક્યાં ગયા ભગવાન દત્તાત્રેયની સામે હું ધ્યાનમાં બેઠો.

અંતઃકરણમાંથી અવાજ ઉઠ્યો જરૂર દત્તાત્રેય ભગવાન જ હતા !

મને પારણા કરાવીને અંતઃધ્યાન થઈ ગયા.

પછી સવાલ એ રહ્યો કે પૈસા વગર બસની ટિકીટ મળે નહીં મને હવે ઘેર પરત ધોળકા જવું કેવી રીતે.

ભગવાન દત્તાત્રેયને મંદિરમાં જઈને પ્રાર્થના કરી નારેશ્વરથી અમદાવાદ અને અમદાવાદથી ધોળકા વગર ટીકીટે કંડક્ટરની સામેની સીટો પર જ બેસીને ઘેર સહી સલામત આવી ગયો ! ભગવાનની કૃપાથી મને કોઈ જ તકલીફ પડી નહીં. !

જય યોગીશ્વર દત્ત દયાલ. તુજ એક જગમાં પ્રતિપાળ ! ઘેર પહોંચ્યો ત્યારે અઠવાડિયું પુરું થવા આવ્યું છે. અઠવાડિયે ઘેર આવી પાણી પીધું અને બીજીવારનું ભોજન લીધું.

પગમાં પડેલા મોટા મોટા ફોલ્લાની સારવાર કરવામાં આવી.

અઠવાડિયાની કઠોર નર્મદા પરિક્રમા દરમ્યાન દર્શન આપી અંતરધ્યાન થઈ ગયેલા તે મરાઠી બ્રાહ્મણ મને જમાડીને ક્યાં ચાલ્યા ગયા !

ગંગાપુરથી જ તેઓ પધાર્યા ! મનેજ પારણા કરાવવા ! મને સામેથી ઓળખાણ આપી ! નારેશ્વર મંદિરમાં ભગવાન દત્તાત્રેયની મૂર્તિ સામેજ મળવા !. જરૂર જરૂર એ ભગવાન દત્તાત્રેય હતાં!

જય ગિરનારી ।

અલખ નિરંજન ॥

ૐ

ૐ

# સાત હનુમાન ચાલીસ બોલી દાંત બહાર કાઢી ફરીથી તેજ સ્થાને બેસાડી દેવો !

૪ માસ સુધી પદમાસનમાં નિયમિત આઠથી બાર કલાકનું ધ્યાન કરવાનો કાર્યક્રમ ચાલુ હતો.

માં ગાયત્રી શ્રી હનુમાનજી અને શ્રી ભગવાન દત્તાત્રેયની ઉપાસના ચાલતી હતી. શ્વાસમાં ૐકારનો જાપ કરવામાં આવતો. અખંડ દીવો ચાલુ જ હતો.

એક દિવસ આઠ કલાકના ધ્યાન પછી હું ધ્યાનખંડમાંથી બહાર આવી હીંચકા પર બેઠો હતો. શરીર હજુ ધ્યાનની અસર નીચે હતું. ધ્યાનથી દશા અનુભવાતી હતી.

એટલામાં મે હાથ ફેરવતાં જમણી બાજુના જડબાના બધા દાંત હલતા હોય તેમ માલુમ પડયું. મેં દાંત બધા હલાવી જોયા. સાચેજ હલતાં હતાં. જડબું સહેજ સહેજ દુઃખવા લાગ્યું. છતાં ધ્યાનસ્થ અવસ્થા હોવાની કોઈ દુઃખાવો વિશેષ અનુભવાતો ન્હોતો.

મને થયું દાંત હલે છે તો જરૂર પડી જાય અને બહાર આવે.

મેં રાક્ષસી દાંત પકડીને સહેજ હલાવી બહાર કાઢવા પ્રયત્ન કર્યો તો દાંત બહાર આવી ગયો.

હથેળીમાં રાક્ષસી દાંત! આ દૂધિયો દાંત તો હતો નહીં. મારી ઉંમર ૨૨ વર્ષની હતી. હવે નવો દાંત પણ આવે નહીં શું કરવું ! સાંભળેલું અને વાંચેલુ કે યોગાવિદ્યા અને ભગવાનની કૃપાથી ઘણાં ચમત્કારો સંતોએ કરેલા છે.

ત્રણ મિનિટ દાંત હાથમાં રાખી જોયા પછી ! મેં હનુમાન ચાલીસા કરવા માંડી, દાંત હાથમાં રાખી મેં સાત હનુમાન ચાલીસા કરી ! (નીચકે બેઠા બેઠા જ) હનુમાનજીનું ધ્યાન કર્યું.

ધ્યાનમાં દેખાતી મહાલક્ષ્મી મંદિરની હનુમાનજીની મૂર્તિમાંની એક તેજ આવ્યું ! તે તેજનો લીસોટો આવ્યા પછી!

મેં હથેળીમાં રહેલો દાંત ફરીથી તેના તેજ સ્થાને ગોઠવી દીધો ઉપરનાં દાંત અને હાથથી બરાબર દાંત ફીર ફરી પેઢામાં ગોઠવી દીધો અને દાંત ફરીથી ચોટી ગયો! મે ચેક કર્યો.

સાત હનુમાન ચાલીસા પૂરી થઈ અને હનુમાનજીએ અદ્રશ્ય રૂપે મને મદદ કરી !.

આજે પણ તે રાક્ષસી દાંત તેના મૂળ સ્થાને છે ! હું તે દાંતથી સોપારી પણ ખાઈ શકું છું.

**જય હનુમાન જ્ઞાન ગુણસાર**

**જય કપિશ તિહુ લોક ઉજાગર !**

શું શંકર ભગવાને ગણપતિ દાદાનું માથું ઉડાડીને ફરીથી આવી ઈશ્વરીય શક્તિ વડે લગાવી દીધું હશે ! આ ઘટના બન્યા પછીથી હું માં જગદંબા, ભગવાન અને યોગવિદ્યા પર સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતો થઈ ગયો.

મને તપશ્ચર્યાઓ કરવા માટે ઉત્સાહ, વધારે હિંમત અને નવી દિશા મળી !

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

**ૐ**

ૐ

# ધ્યાન અને અનંત બ્રહ્માંડ દર્શન

પહેલા મને એવી ટેવ હતી કે, હું રોજ સવારે છ સાત વાગે સવારમાં ઉઠીને પથારીમાં જ પલાઠી લગાવી ધ્યાન લગાવી દેતો. રાત્રે છાપરા ઉપર સુતા એટલે સૂર્યનારાયણ ઉગે અને હું રોજ ધ્યાન લગાવી દેતો. રાત્રે છાપરા ઉપર સુતા એટલે સૂર્યનારાયણ ઉગે અને હું રોજ ધ્યાન લગાવી દેતો. આવો મારો નિત્યક્રમ હતો. પાંચથી છ કલાક સૂર્ય નારાયણ સામે ધ્યાનમાં બેસતો.

ઘણો વખત ધ્યાન ખંડમાં આખી રાત્રી ધ્યાનમાં બેસતો. આહારમાં માત્ર દૂધ, ચ્હા અને તેમાં ઘી ઉમેરીને પ્રવાહી આહાર લેતો. બે ત્રણ વર્ષ આવી રીતે ધ્યાન કર્યા પછી મને એક વખતે અનંત બ્રહ્માંડોના દર્શન થયા. આ અનંત બ્રહ્માંડોના દર્શન પછી મને અહોનિશ રહેવા લાગ્યા. આવા અનંત બ્રહ્માંડોમાં હું ત્રણ – ચાર વર્ષ ચાલ્યો ગયો.

સાભળ્યું છે કે

**અનંત બ્રહ્માંડ નાયક શ્રી દત્તાત્રેય મહારાજ કી જય !!**

**અનંત બ્રહ્માંધિપતિ શ્રી સાંઈનાથ મહારાજ કી જય !!**

Y.S.S. ના યોગાવનાર લહેરી મહાશય અનંત બ્રહ્માંડોમાં જતા તેવો ઉલ્લેખ પરમહંસ યોગાનંદજીએ યોગી કથા મૃતમાં કરેલો છે. આ બધા તેજ અનંત બ્રહ્માંડ !!!

અનંત કોટિ બ્રહ્માંડમાં યોગીશ્વર અને બ્રહ્મચારી અવધુતો અને સંત તથા સાચા સાધકો જઈ શકે છે.

અનંતકોટિ બ્રહ્માંડોમાં ઉભેલાં એક નિર્ભય યોગીનું દર્શન અદ્ભૂત અને આશીર્વાદ પ્રદાન કરનારું છે. આવા યોગીના દર્શન માત્રથી મનોકામનાઓ પૂર્ણ થાય છે.

એટલે જ ભગવાન શ્રી કૃષ્ણએ યોગીનું વર્ણન કરતાં કહ્યું છે.

**"તપસ્વીભ્યો અધિકો યોગી જ્ઞાનીભ્યો અપિમતો અધિકઃ ।**

**કર્મીભ્યશ્ચધિકોયોગી તસ્માદ યોગી ભવાર્જુન ॥"**

તપસ્વીથી યોગી વધીને છે જ્ઞાની કરતાં પણ યોગી અધિક છે. સકામ કર્મ કરનારાઓ કરતાં યોગી અધિક છે. માટે હે અર્જુન, 'તું યોગી થા'

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

**ૐ**

ૐ

# કલિકુંડ દેરાસરમાં પાંચ વર્ષ

ૐ કારના મહા પુરશ્ચરણો:

હું ન્હાનો હતો ત્યારથી ૐ કારનો જાપ ધ્યાનમાં કરતો હતો. મને ૐ ખૂબ જ પ્રિય છે.

પંડિત રામશર્મા આચાર્યએ ગાયત્રીમાંના ૨૪ લાખ મંત્રનું એક એવા ૨૪ મહાપુરચ્ચરણ કર્યા.

મને એમ થયું કે ૐ મંત્ર નાનો હોવાની હું જરૂર તેમનાની વધીને ૐકારના મહાપુરચ્ચરણો કરી શકું. આ માટે મારૂં શરીર આઠ કલાકના ધ્યાનથી કેળવાયેલું તો હતું જ.

કલિકુંડ દેરાસરે ચોખ્ખા ઘીના દીવા થતા. બસો પાંચસોની સંખ્યામાં દીવા થતા. આ દિવાઓની વચ્ચે ૐ હ્રી લખેલ એક ચોરસ ખંડ દેરાસરની મધ્યમાં મુકવામાં આવતો.

આ ઉપરાંત સરસ્વતી અને લક્ષ્મીજી (પદ્માવતી)ની મૂર્તિઓ મને ખૂબ જ ગમતી ઋષિ મંડલ યંત્ર પણ મને ખૂબ ગમતું.

આ બધુ જ સર્વે કર્યા પછી મેં નક્કી કર્યું કે કલિકુંડની તપોભૂમિ 'ૐ'ના પુરચ્ચારણો કરવા માટે એકદમ યોગ્ય છે.

પદમાવતી લક્ષ્મીજીના નામ: બ્રાહ્મી, ચંદનબાલિકા, ભગવતી, રાજમતી, દ્રૌપદી, સીતા, સુભદ્રા, શિવા, કૌશલ્યા, ચ મૃગાવતી, ચ સુલાસા, ચુલા, પ્રભાવતી, પદમાવતિ સુંદરી, કુર્વતુ વો મંગલમ્ ।

આ શ્લોક મને એક કરોડપતિ સાધ્વીજીએ લખીને આપેલો.

અમારે મહાલક્ષ્મી મંદિરે પૂજા હતી. હું ચોથા ધોરણ સુધી મહાલક્ષ્મી મંદિરે રહેલો. આ બધા નામ લક્ષ્મીજીના છે, જે પદમાવતી સ્ત્રોતમાં દર્શાવવામાં આવેલા છે. ઘણા બધા સનાતન ધર્મના રાજવી દેવીઓના નામ છે.

મેં આ પછી ૐ તક્તીની સામે ૐના પુરચ્ચારણો કરવાનું શરૂ કર્યું. આ ૐ મંત્ર મને મહાવતાર બાબાજીએ ઉપાસના દરમ્યાન સુક્ષ્મ શરીરે મા ભગીની સાથે પ્રગટ થઈને દીક્ષામાં આપેલો. મને ૐ મહાવતાર બાબાજીએ નવ વખત બ્રહ્મરૂદ્રમાં પ્રવેશ કરીને બોલાવેલો એટલે મને પુરશ્ચરણ કરવાનો ઉમંગ રહેતો હતો.

મેં આ મહાપુરશ્ચરણો પાંચ વર્ષ માટે કરેલા છે. રોજની ૫૦૦ માળા આઠ કલાક આસનમાં બેસીને નિયમિત કરવામાં આવતી. આ પાંચ વર્ષ માં મેં ત્રણ વર્ષ ફરાળ પર, ૬ મહિના બાફેલા શાક ૬ મહિના ગાયના દૂધ પર અને ૧ વર્ષ એક વખત ભોજન લઈને વીતાવેલા છે.

બંગલા પર પણ મેં અલાયદો ધ્યાન ખંડ કલિકુંડ આવીને બનાવડાવ્યો.

આ રીતે કલિકુંડ દેરાસરની પવિત્ર ભૂમિ પર ૫ લાખ ૐ મંત્રનું એક એવા ૧૫૦ મહાપુરશ્ચરણો પાંચ વર્ષમાં ઉપવાસ સાથે મેં પૂર્ણ કર્યા.

દિવ્ય પ્રકાશ પૂંજાના રોજ દર્શન થતાં જૈન સાધુ સાધ્વીઓના નિયમિત દર્શન કરતો. કલિકુંડ દેરાસર ખૂબ જ જાહોજલાલીવાળું છે અને ઉંચાઈ પર આવેલું છે. એટલે ઘંટારવ સાથે મંદ મંદ શીતળ

પવન અને સતકોની સંખ્યામાં ચોખ્ખા ઘીના દિવાઓની મધ્યમાં રહેલા ૐ ની સામે બેસીને ૐ મહાપુરશ્ચરણો પૂર્ણ કરવામાં આવેલા છે.

આ પ્રમાણે ૐ મંત્ર સિધ્ધ થયો. આ દરમ્યાન અમારા કુટુંબની આર્થિક ઉન્નતિ થઈ અને અમે કરોડપતિ બન્યા. અન્ય સિધ્ધિઓ પણ મળી. આ દરમ્યાન દિવ્ય પ્રકાશપુંજોના દર્શન પણ થયા.

**ૐકાર બિન્દુ સંયુક્ત નિત્યં ધાયન્તિ યોગિનઃ ।**

**કામંદ મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમઃ ॥**

પરમ શાન્તિ પ્રાપ્ત થઈ અને અન્યને ૐ મંત્ર દ્વારા મોક્ષ આપવાની ક્ષમતાની પ્રાપ્તિ થાય છે. ૐ દ્વારા 'કામ' એટલે બધી મનોકામનાઓ પૂર્ણ કરવાની શક્તિ પણ પ્રાપ્ત થાય છે. ઈશ્વર અને મહાપુરૂષોના દર્શન થાય છે.

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

**ૐ**

ॐ

# કોટિ સૂર્ય ચંદ્રના દર્શન

માં ગાયત્રીની કૃપાથી થયા !

રામક્રિશ્ન પરમહંસે મહાકાળીની ઉપાસના કરેલી. તેમના વીરહમાં વર્ષો વીતાવ્યા પછી માની તલવાર ગળાપર લગાવતાં તેઓ શ્રીને માઁના દિવ્ય પ્રકાશના દર્શન થયેલા.

સ્વામી વિવેકાનંદે તેમના પુસ્તકમાં ઉપરોક્ત ઉલ્લેખ કર્યો છે.

મારો દાંત હનુમાનજીની કૃપાથી ફરીથી બેસી ગયો હોવાથી મને મા ગાયત્રી પર અને તપસ્વી બાવારામ મહારાજ પર અપાર શ્રદ્ધા હતી. મે પણ મા ગાયત્રીની સિદ્ધ તલવાર ગાયત્રી મંદિર પર મૂર્તિની સામે પેટમાં લગાવી દીધી હતી અને માની પાસે આત્મસાક્ષાત્કાર તથા મોક્ષ માગ્યો હતો.

બસ પછી તે સમયે પ્રકાશમાન બાવાજીરામ મહારાજ શ્રીના દર્શન થયા.

થોડા મહિના વિતાવી હું ફરી ગાયત્રી મંદિર જઈને આવ્યો અને મા ગાયત્રી તથા તપસ્વી સંત શ્રી બાવાજીરામને પ્રાર્થના કરી, મને ગાયત્રી માતાએ કોટિ સૂર્ય ચંદ્રના આકાશમાં ૧૧ વખત નડિયાદ પાસે દર્શન કરાવેલા છે.

ધન્ય હિંમત ! ધન્ય શ્રદ્ધા !! કહેવાય છે કે :–

**ભવાનિ શંકરૌ વન્દે**

**શ્રદ્ધા વિશ્વાસ રૂપિણૌ !!!!**

આ ગાયત્રી મંદિરે મા ગાયત્રી સાક્ષાત પ્રગટ થયેલાં છે અને અખંડ જયોત સ્વરૂપે ભોયરામાંની મળ્યા છે.

બોલો

હ્રીં ગાયત્રી શરણં મમ ।

શ્રીં ગાયત્રી શરણમં મમ ॥

ક્લીં ગાયત્રી શરણં મમ ।

ૐ ઐ ગાયત્રી શરણં મમ ॥

વેદ માતા ગાયત્રી માતા કી જય.

જય ગિરનારી ।

અલખ નિરંજન ॥

ૐ

ૐ

# બાર વર્ષ આઠથી વધારે કલાક ધ્યાનમાં વીતાવવા અને પાંચ વર્ષના સળંગ ઉપવાસ અને દિક્ષા

આ શરીર દ્વારા ૧૨ વર્ષ આઠથી વધારે કલાક ધ્યાનમાં ગાળવામાં આવેલા છે.

અને પાંચ વર્ષ સળંગ ઉપવાસ કરવામાં આવેલા છે.

(૧) ૩ વર્ષ મોરૈયો અને દૂધ – માત્ર ફરાળ

(૨) ૬ મહિના માત્ર બાફેલા શાકભાજી

(૩) ૬ મહિના ગાયના શુદ્ધ દૂધ પર

(૪) ૧ વર્ષ ૧ વખત સાદુ ભોજન

આવી કઠોર તપશ્ચર્યા શ્રી ભગવાન દત્તાત્રેય અને માં મહાલક્ષ્મીની કૃપાથી શક્ય બનેલી છે.

**અપરે નિયતાહારા પ્રાણાન્ધ્રાણેષુ જુહ્વતિ**

**સર્વ અપ્યતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષાઃ ॥**

નિયત આહાર દ્વારા મનને અને શરીરને સંયમમાં રાખીને, પ્રાણ અપાન નિયંત્રીત કરી ઈશ્વરને માટે યૌગીઓ દ્વારા યજ્ઞ કરવામાં આવે છે.

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

ૐ

ॐ

# ક્રિયાયોગની બેંગ્લોરમાં દિક્ષા અને માં ભગિની તથા બાબાજી દ્વારા દિવ્ય ૐ દિક્ષા

ક્રિયાયોગની બેંગ્લોરમાં દિક્ષા અને માં ભગિની તથા બાબાજી દ્વારા દિવ્ય ૐ દિવ્ય

મેં પરમહંસ યોગાનંદને પણ વાંચેલા આ પછીથી મને પણ ક્રિયાયોગની દીક્ષા લેવાની ઈચ્છા થયેલી. યોગ-વિદ્યાની આ પ્રાણાયામ પદ્ધતિ ઘણી પવિત્ર છે અને ધ્યાન માટે વિશેષ ફળ આપનારી છે.

ઈશ્વર યોગે બેંગ્લોર ભાઈશ્રી સંદિપને ત્યાં ૧ વર્ષ રહેવાનું થયું. જતા તથા ધ્યાન કેન્દ્ર પર નિયમિત મારૂતિમાં દર રવિવારે હું અને પુષ્પાબા સંદિપનિ સાથે રીટ્રીટમાં પણ અમો જતાં. ઘણો આનંદ આવતો.

આ સમયે ત્યાં અમેરિકન સંત પૂ. શાંતાનંદગિરિજી પધાર્યા અને તેમની પાસેથી મને અને પૂ. પુષ્પાબાને ક્રિયાયોગની દિક્ષા મળી અને મંત્ર પણ મળ્યો.

આ રીતે હું પણ ક્રિયાવાન બન્યો. ક્રિયાવાન બન્યા પછીથી હું નિયમિત યોગદાના ડોવીટીઝ (Devotees)ની સાથે ધ્યાનમાં બેસું છું અને સબ સેન્ટર પર હાજરી આપું છું.

**"બાબાજી દ્વારા દિવ્ય 'ૐ' દિક્ષા"** ગૃહસ્થ સંત શ્રી દિવાકરજી પાસેની મહાવતાર બાબાજીનો ફોટો મળ્યો, તેઓની સમક્ષ યોગી કથામૃતનું સળંગ ત્રણ વખત પારાયણ કર્યું.

પછી ૐ મંત્રની બાબાજીની સમક્ષ ૧ વર્ષ સુધી ઉપાસના કરી. મનમાં એમ થયું કે બાબાજી મને પણ દીક્ષા આપે.

આ પછીથી બાબાજી સુક્ષ્મ શરીરે પ્રત્યક્ષ મા ભગીની સાથે પ્રગટ થાય છે મને બ્રહ્મરંધ્રમાં પ્રવેશ કરીને નવ વખત ૐ મંત્ર બોલાવે છે. બાબાજી સુક્ષ્મ શરીરે સ્ટારવાળા દંડ સાથે મા ભગિની સાથે ચિદાકાશમાં બ્લ્યુ શરીરે પ્રગટ થયા હતા. દર્શન ઘણું જ સ્પષ્ટ અને અદ્દભૂત હતું.

આજ ૐ મંત્રના મારા દ્વારા ૫ લાખ મંત્રનું એક એવા ૧૫૦ મહાપુરશ્ચરણો કલિકુંડ દેરાસરમાં સિદ્ધાસનમાં બેસીને પુરા કરવામાં આવે છે.

જેનાથી ૐ માં રહેલી અખૂટ શક્તિઓનો ખજાનો પ્રાપ્ત થાય છે. બધી જ મનોકામનાઓ પૂર્ણ કરવાની શક્તિ મળે છે અને અનંત શાંતિ તથા મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જય ગિરનારી ।

અલખ નિરંજન ॥

ૐ

ૐ

# રાજા ભર્તુહરિ ગુફા પાસે અમર મહાપુરૂષ રાજા ગોપી ચંદનું ફરીથી ત્રણ વખત દર્શન

ગિરનારમાં રાજા ભર્તુહરિની ગુફા પાસે અપાર શાંતિ અનુભવાય છે. ત્યાં ઠંડુ પાણી પીવા મળે છે. આ ગુફામાં રાજા ભર્તુહરિ અને રાજા ગોપીચંદની પાદુકાઓ જોવા મળે છે. તદ્ઉપરાંત આજ ગુફામાં રાજા ગોપી ચંદ અને ભર્તુહરિના ફોટા પણ પૂજામાં રાખેલા છે.

ગિરનાર અને રાણપુરમાં ૨ વર્ષ મેં વિતાવેલા છે. રાણપુરથી ગિરનાર માટે ઘણી વખત આવવા જવાં બનેલ છે. ભુર્તુહરિનાથ અને રાજા ગોપીચંદની ગુફા પાસેથી ભર બપોરે ત્રણ ચાર વખતે હું પસાર થયો છું. પાણી પણ પીધું છે. અહીંની પસાર થતાં ભર્તુહરિનાથ અને રાજા ગોપીચંદની (અમર પુરૂષોની) યાદ તાજી થાય છે.

આ ગુફા પાસેથી પસાર થતાં ભર બપોરે મને એક કમંડલુ ધારી દિગંબર મોટી મોટી કાળી આંખોવાળા સંતના ત્રણ વખત દર્શન થયા છે. આ સંત ઉઘાડા પગે કમંડલુ લઈને ભર બપોરે આરામથી અને મસ્તિથી ગિરનાર ચઢતા અને ઉતરતાં.

થોડે સુધી આ સંત આગળ જતાં દેખાતા પછી આગળ તેઓ જાવા મળતા નહિ માત્ર ભર્તુહરિનાથની ગુફાની આસપાસના અરિયામાં જોવામાં આવતાં. પછી અદ્રશ્ય થઈ જતાં.

એક વખત તો મેં બેસીને આગળ જઈને રાહ પણ જોઈ પણ તેઓ આગળ જોવા મળ્યા જ નહિં.

મને એમ થયું કે જરૂરથી તેઓશ્રી કોઈ મહાન પુરૂષ છે. કેમ કે જુનુ કમડલું, ઉઘાડા પગે ભરબપોરે ગિરનારનું ચઢાણ, વેધક આંખો અને તેજસ્વી દેખાતા.

પાછા થોડા માર્ગમાંજ દર્શન આપી અદ્રશ્ય થઈ જતાં.

મેં આ બાબતે સ્વામી ૧૦૦૮ અલખગિરિજી મહારાજ સાથે વાર્તાલાપ કરેલો. મને તેમણે જણાવ્યું કે તે સંત મહાપુરૂષ રાજા ગોપીચંદ છે !

તને સાધનામાં સહાય કરવા મળ્યા છે !!!

મેં આ સંતના દર્શન પણ કરેલા છે. મનો મન પ્રણામ પણ કર્યા છે અને મોક્ષ તથા આત્મ સાક્ષાત્કાર માટે માંગણી કરેલી છે.

ભયો! ભયો!!! આપણને મોક્ષ પણ મળી ગયો ૧ અને ભવ પાર પણ થઈ ગયા.

આ તો

અમર મહાપુરૂષ રાજા ગોપચંદના દર્શન !

એ પણ ભર્તુહરિનાથ અને રાજાગોપીચંદની ગુફાની પાસે જ!

ધન્ય મારું જીવન

કૃપા એની લેખુ !

જય ગિરનારી ।

અલખ નિરંજન ॥

ૐ

ॐ

# નિત્ય સાધના ક્રમ

અત્યારે વર્ષોથી સવાર – સાંજ યોગાસનો અને ક્રિયાયોગ તથા પ્રણાયામ નિયમિત રોજ કરવામાં આવે છે. ગીતાના દસ અધ્યાય પણ નિયમિત પૂર્ણ કરવામાં આવે છે.

સાયં કાળે આરતી લગભગ ૧ કલાક ચાલે છે. આ ઉપરાંત સુંદરકાંડ ભજનકીર્તન કથાઓ બધુ જ નિયમિત ટીવી દ્વારા સાંભળવામાં આવે છે.

રોજ બપોરના ભોજન સમયે ૫૧ હજાર રૂા.નો ચાંદીનો થાળ થાય છે. જેમાં, રોટલી, શાક, દાળ, ભાત, મિષ્ઠાન શ્રી મહાલક્ષ્મી માતાને શ્રી ભગવાન દત્તાત્રેયને શ્રી મહાવતાર બાબાજી અને ગિરનારના સંતો, પરમ હંસ યોગાનંદ, શ્રી ક્રિશ્ન ભગવાનને ધરાવવામાં આવે છે.

મારે માટે, આ બધા સંતો અને ભગવાન્તો હાજરા હાજુર છે.

જય ગિરનારી ।

અલખ નિરંજન ॥

ૐ

ॐ

# સાચું સુખ સંતોષમાં

સંતોષ એજ મોટું ધન છે. ધનનો સંતોષ સુખ આપે છે. તેમ નહીં પરંતુ દરેક વાતમાં સંતોષ

જમ્યા ઓછું કે વધારે પરંતુ સંતોષ પાણી પીધું ઠંડુ કે ગરમ પણ સંતોષ કપડાં પહેર્યાં નવા કે જુના પણ સંતોષ સંતોષની શ્રદ્ધા ટકી રહે છે. પુરુષાર્થ કરો પણ માપનો. ભગવાને ગીતામાં કહ્યું છે,

**યુક્તાહાર વિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ ।**
**યુક્ત સ્વપ્રાવબોધસ્ય યોગો ભવતિ દુ:ખહા ॥**

યોગી સંતોષી હોય છે, યોગી બનવા સાધના, ઉપાસના, તપશ્ચર્યા કરવી પડે છે.

સુખ મળે છે. ઉત્સાહ વધે છે. શહન શક્તિ વધે છે. શાંત– પ્રશાંત મહાશાંત સમાધિની અવસ્થાઓ. સહજ બને છે. પ્રકાશના શુદ્ધ નિયમિત દર્શન થાય છે.આ દિવ્ય પ્રકાશદર્શન સતત બને છે. તેને આત્મ પ્રકાશ થયો કહેવાય અથવા આત્મસાક્ષાત્કાર પણ કહેવાય છે.

ભગવાને ગીતામાં કહ્યું છે.

**યો અન્ત સુખો અન્ત-રારામસ્તથાઅન્તજ્યોતિરેવચ ।**
**સયોગી બ્રહ્મનિર્વાણું બ્રહ્મભુતો અધિગચ્છતિ ॥**

જે યોગી પરમાત્મામાં અનન્ત સુખ અનન્ત પ્રસન્તા અને અનન્ત પ્રકાશના દર્શન કરે છે. તે બ્રહ્મનિષ્ઠ યોગીને આત્મ સાક્ષાત્કાર થયો કહેવાય.

આ સ્થિતિ પ્રાપ્ત થતા સુખી થવાય છે. કર્મમાં સંતોષ પ્રધાનતા રહે છે અને નિરંતર આનંદની અનુભૂતિ અભિભૂત થાય છે. દિવ્ય પ્રકાશની પ્રાપ્તિ થાય છે.

**જય ગિરનારી ।**
**અલખ નિરંજન ॥**
ૐ

ૐ

# શ્રદ્ધા સો કેરેટની

શ્રદ્ધા હોય તોજ ઉપાસના, સાધના યોગ, આધ્યાત્મિકતા, દૈવીકાર્ય, યશ, તપ, દાન બધુ જ શક્ય બને છે.

શ્રદ્ધાથી ઉત્સાહ રહે છે. મારી દ્રષ્ટિએ અંધશ્રદ્ધા જેવું આ દુનિયામાં છે જ નહિં. બધુ જ બરાબર સુંદર રીતે ચાલે છે.

તિરૂપતિના મંદિરે બેસતા વર્ષે એક દિવસની આવક ત્રણ કરોડની છે. ભારત સ્વતંત્ર થયા પછીથી છેલ્લા ૫૦ વર્ષમાં શ્રદ્ધા પરિપૂર્ણ રીતે ખીલી છે.

મહારાષ્ટ્ર સાંઈબાબાના મંદિરને ૧૧ કરોડના સોનાનું સિંહાસન મળ્યું છે. આ મંદિરની આવક મહારાષ્ટ્રના બધા મંદિર કરતાં વધારે છે. સાંઈબાબા ગરીબોમાં પણ ગરીબ બનીને જીવન જીવ્યા છે.

આ શાનું પ્રતિક છે? શ્રદ્ધા જીવંત છે. ૧૦૦ કેરેટની છે. મારી દ્રષ્ટિએ

(૧) ભગવાન છે. જગદંબા છે.

(૨) યોગવિદ્યા સત્ય છે, અમર મહાપુરુષો છે.

(૩) આપણા પૂર્વજો ખૂબ બુદ્ધિશાળી અને તપસ્વી હતા. ભગવાન પોતે અને ઋષિમુનિઓ આપણા પૂર્વજો છે. તેમણે જ આટલા બધા મંદિરો બનાવેલા છે.

દરેક વ્યક્તિ પોત પોતાની રીતે ભગવાનને અને સંતોને માને છે. શ્રદ્ધાથી જ આ વિશ્વમાં ધર્મ ટકી રહેલો છે.

**જય ગિરનારી । અલખ નિરંજન ।।**

ૐ

ૐ

# ઈશ્વરીય એકરાર-૧

- જો કોઈએ આત્મસાક્ષાત્કાર કર્યા હશે તો જગદંબાનું દર્શન નહિ કર્યું હોય!
- જો કોઈએ જગદંબાનું દર્શન કર્યું હશે તો ગણેશજીની જેમ માથુ ફરીને બેસાડી દેવામાં આવ્યું છે તેમ દાંત મોં માંથી બહાર કાઢીને તેજ સ્થાને ફરીથી નહી બેસાડયો હોય !
- જો કોઈએ ગણપતિ જવી સિદ્ધિ મેળવી હસેતો અમર પુરુષના સાક્ષાત દર્શન અને ચરણ સ્પર્શ નહી કર્યો હોય !
- જો કોઈએ અમર–પુરુષના દર્શન કર્યા હશે તો પોતાની જાતે જગદંબીની તલવાર પેટમાં નહી લગાવી હોય ! અને મા જગદંબાએ કોટિ સૂર્ય ચંદ્રના દર્શન નહી કરાવ્યા હોય !
- ● જો કોઈએ કોટિ સૂર્ય ચંદ્રના દર્શન કર્યા હશે તો અનંત બ્રહ્માંડમાં ત્રણ વર્ષ નહી રહ્યા હોય !
- જો કોઈ અનંત બ્રહ્માંડમાં ગયા હશે તો સતત ઈશ્વરીય દિવ્ય પ્રકાશના દર્શન નહી કરી શકતા હોય !
- જો કોઈએ સતત પ્રકાશના દર્શન કર્યા હશે તો સિદ્ધ ગુરુઓની ૮ વર્ષ અંગત સેવા કરી ગળફા નહી ખાધા હોય !
- જો કોઈએ ગુરૂ સેવા કરી હશે તો સિદ્ધ ગુરુ મંત્રના, ૭.૫ કરોડ જાપ સિદ્ધાસનમાં સિદ્ધભૂમિમાં બેસીને નહી કર્યા હોય અને પ્રકાશ પૂજોના દર્શન નહીં કર્યા હોય !

આ બધી સિદ્ધિઓ ઈશ્વરની પ્રસાદી સ્વરૂપે પ્રાપ્ત થયેલી મહાન અને દિવ્ય કૃપાઓ છે.

જે ઉપાસકોની જાણ માટે ઉત્સાહ અને શ્રદ્ધા વધારવા માટે જણાવવામાં આવે છે.

**જય ગિરનારી ।  અલખ નિરંજન ॥**

ૐ

ૐ

# બાળપણની કેટલીક સિદ્ધિઓ

(ઈશ્વરીય એકરાર-૨)

- **ક્રિકેટઃ** જો એકાગ્રતા કેળવો તો આવી કેળવો

  (૧) ૬ બોલ ૬ વિકેટ ૬ ક્લીન બોલ્ડ

  (૨) ૬ બોલ ૬ ફોર

  ઉપરોક્ત બંને રેકોર્ડ મેં ક્રિકેટ જગતમાં બનાવેલા છે. જે એક ઈશ્વરીય કૃપા જ છે.

- **કાઈટ :** જો પતંગ ચગાવો તો એવી ચગાવો જેથી ૫ પતંગ પર ૪૫ પતંગ કાપો. જે પણ એકાગ્રતાનો બુલંદ નમુનો છે.

- **સ્ટડીઃ** જો ભણો તો આવું ભણો :

  મેં, પહેલા ધોરણની દસમા ધોરણ સુધી (એસ.એસ.સુધી) પહેલો, બીજો નંબર મેળવેલો છે.

  જે પણ એકાગ્રતાનો બીજો બુલંદ નમુનો છે.

- **પર્વતારહોણ :** જો પર્વતારોહણ કરો તો ૧૦ વખત ગિરનાર પર્વત ચઢો અને ૨ વખત શંત્રુજય પર્વત ચઢો.

- **રોટલીઃ** જો રોટલી જમો તો જરૂર જમો એકજ સમયે ભોજનમાં ચોખ્ખું ઘી ચોપડી એકલી ૭૦ રોટલી જાતે બનાવી જમો અને જમ્યા પછી તંદુરસ્ત રહો આનંદમાં રહો.

- **મેથ્સ :** જો મેથ્સ ભણો તો એવું ભણો ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવો અને તમારામાંથી જોઈને પાસ થનારો મિત્ર પણ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવે અને ભણ્યા પછી અમેરિકા જાય. (એ રૂપેશ, પોતે મિલ માલિકનો દિકરો છે, અત્યારે અમેરિકા રહે છે.)
- **ફિઝીક્સ પ્રેક્ટીકલઃ** જો તમે ફિજીક્સ પ્રેક્ટીકલ કરો છો તો તમે જરૂર ૧૨૫માંથી ૧૨૨ માર્કસ મેળવી યુનિવર્સિટી ફર્સ્ટ આવો. આ ઉપરાંત તમે તમારા મિત્રને ફિઝીક્સ પ્રેક્ટિકલ કરી આપો જે ૯૦ ગુણ સાથે તમારા થકી પાસ થઈ તમોને જીંદગીભર યાદ કરે.

**જય ગિરનારી ।**

**અલખ નિરંજન ॥**

**ૐ**

ॐ

# ૨૦ વર્ષ હિમાલયમાં રહેલા પૂ. ૧૦૦૮ શ્રી આનંદ સ્વામીજી અને તેમનું સાનિધ્ય

આનંદ સ્વામીજી એટલે ખૂબ સાદા સીધા સરળ સ્વભાવના સંત. ૩૫ વર્ષની ઉંમરે તેઓ શંકરાચાર્ય પરંપરામાં જોડાયા હતા. ત્યાં સેવા કરતાં કરતાં વૈરાગ્ય પ્રાપ્ત થતાં હિમાલય ગયેલા.

અને હિમાલયમાં ૨૦ વર્ષ ગાળેલા ! કૈલાસની પરિક્રમા પણ તેઓ શ્રીએ કરેલી છે. બદ્રીનાથમાં તેઓ શ્રીએ તપશ્ચર્યાઓ કરેલી છે. તેઓ તપશ્ચર્યા કરતાં ત્યારે એક ઝાડથી બીજા ઝાડ પર ઉડીને જતાં !! આ ઉપરાંત એક પર્વતથી બીજા પર્વત પર ઉડીને જતાં હતા. !!!

આવા સંત મારે ઘેર અઠવાડિયે ભોજન ગ્રહણ કરવા પધારતાં, તેઓ દંડી સ્વામી છે. બ્રાહ્મણોને ત્યાં જ ભોજન ગ્રહણ કરે છે.

આવા મહાન સંતને હું ઘણી વખતે સ્કુટર ઉપર ફરવા લઈ જતો. તેઓને સાનિધ્યમાં રામપુર મઢી પર હું તપશ્ચર્યા પણ કરતો.

પ. પૂ. દંડીસ્વામી શ્રી આનંદ સ્વામીજી ખૂબ દયાળુ સ્વભાવના છે.

તેમના આશીર્વાદ એક વખત મળી જાય તો જીવન ધન્ય થઈ જાય !!

ધોળકા શંકરાચાર્ય મઠમાં તેઓશ્રી બિરાજમાન છે. જ્ઞાની અને તપસ્વી સંતોની ચેતના ઉર્ધ્વરેતસ રહેતી હોય છે. તેમને

સામાન્ય માણસ ન ગણવા જોઈએ. સિદ્ધ, તપસ્વી ઉપાસકો સંતો, મહાત્માઓના દર્શન માત્રથી મનોકામનાઓ પૂર્ણ થવા લાગે છે. તેઓ શ્રીનો આપેલો જાપ મંત્ર કે ક્રિયા નિયમિત કરવાથી મોક્ષની પ્રાપ્તી સુલભ બની જાય છે. પવિત્ર જીવન બને છે.

પ્રગટ પુરૂષ કી આરસી સાધુ કા હી દેહ !
લીખા જો ચાહે અલખ કો ઈન્હી મેં લખ લેહ !!

**જય ગિરનારી ।**
**અલખ નિરંજન ॥**
**ૐ**

ૐ

# ગુરૂપૂર્ણિમા અને આત્માસાક્ષાત્કાર

શ્રી પુનિતનો જન્મ ગુરૂ પૂર્ણિમાના દિવસે છે. સૂર્ય અને ચંદ્ર જન્મ કુંડળીમાં સામ સામે છે. ગુરૂ પૂર્ણિમા પ્રકાશનું પ્રતિક છે.

ભગવાન દત્તાત્રેય અને હનુમાનજીના જન્મ પણ પૂનમના દિવસે જ આવે છે.

વ્યાસ ઋષિ સ્વયં નારાયણ કહેવાય છે. શ્રી ગુરૂ પૂર્ણિમા તેઓશ્રીની યાદમાં ઉજવવામાં આવે છે.

આ ઉપરાંત રણછોડજીની પૂનમ ભરાય છે.

સ્વામિનારાયણ ભગવાનની પૂનમ ભરાય છે. અંબાજી માતાની પૂનમ ભરાય છે.

આ રીતે પૂનમ, ભક્તિ અને યોગ માટે અનુપમ મહાત્મય ધરાવે છે.

વ્યાસ ભગવાન પણ અમર છે.

એક શ્લોક છે : અશ્વત્થામા, બલિ, વ્યાસ કૃપ પરશુરામ વિભિષણ, હનુમાશ્ચ, સપ્ત ચિરંજીવી સ્મરે નિતંય સર્વ વ્યાધિ વિવર્જીતમ !!

**"અભ્યાસયોગ યુક્તને ચેતસાના અન્યગામિન ।**
**પરમ પુરૂષ દિવ્યં યાતિ પાર્થાનુચિન્નયન ॥"**

ધ્યાન, યોગ સાધન કરી વર્ષો સુધી તપશ્ચર્યા કરે છે તેઓ બધા સંત સિદ્ધોને દિવ્ય પ્રકાશસ્વરૂપ પરમાત્માના દર્શન અવશ્ય થાય છે.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્ય ભર્ગો દેવસ્ય ।**
**ધિમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ॥**

હો ! પ્રાણ સ્વરૂપ દુ:ખ નાશક, શ્રેષ્ઠ, તેજસ્વી પરમાત્મા તમને અમે અંતરઆત્મા ધારણ કરીને છીએ તમે અમારી બુધ્ધિને સન્માર્ગે પ્રેરીત કરો. આ ગાયત્રી મંત્રનો સાક્ષાત્કાર એજ દિવ્ય પ્રકાશ અને આનંદ.

ચોવાસ પ્રકરણોમાં ચોવીસ મુદ્દામાં સિદ્ધિના સોપાનોનું વર્ણન ઘણું દિવ્ય અને આહલાદક છે. ૧૨ વર્ષથી વધારે કરેલી તપશ્ચર્યાઓના પરિણામ સ્વરૂપ સતત આત્મપ્રકાશના હું દર્શન કરી શકું છું. ખુલ્લી આંખો એ હું દિવ્ય પ્રકાશની દુનિયામાં રહું છું જે ઈશ્વરનું સતત દર્શન છે. શાસ્ત્રોમાં તેને જ આત્મા સાક્ષાત્કાર કહેવામાં આવે છે. ગાયત્રી મંત્રનો શુદ્ધ અર્થ એજ આત્મ સાક્ષાત્કાર છે.

સ્વામિ વિવેકાનંદ કહે છે.

"ઉઠો જાગો, અને જ્યાં સુધી ધ્યેય પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મંડ્યા રહો"

એક સત્ય છે : સાચા તપસ્વી સંતોને અને તેમની સાથે ભગવાન કે જગદંબાને યાદ કરવામાં આવે, પ્રાર્થના કરવામાં આવે, તો જરૂર સફળ થવાય છે. શરીરના રોગો પણ પાછા પડે છે. મનોકામાઓ પૂર્ણ થાય છે, મોક્ષ મળે છે.

અંતે દત્તાત્રેય ભગવાનને વંદન કરીએ

**દત્તાત્રિયં શિવં**

**શાન્ત ઈન્દ્ર નીલ સમ પ્રભુ**

**આત્મમાયા રતં દેવં**

**ત્રયાત્મકં સતતં નવોમિ ।**

**જય ગિરનારી ।** **અલખ નિરંજન ॥**

ॐ

ૐ

# આધ્યાત્મિક એડીશન

(૧) શ્રી મહર્ષિ શ્રી પુનિત ૮ વર્ષના હતા, ત્યારે તેઓશ્રીને શ્રી હનુમાનજીનો વિરાટ સ્વરૂપે શ્રી હનુમાનજીની મૂર્તિની પાસે શ્રી મહાલક્ષ્મી મંદિર–ધોળકા, અમદાવાદ પર સાક્ષાત્કાર થયેલો. તે પછીથી તેમના જીવનમાં ઉપાસના દરમ્યાન લગભગ પાંચ વખતે શ્રી હનુમાનજીએ પ્રગટ થઈને અનુભૂતિ કરાવી.

એક વખતે તો હમણાં જ મારી રૂમમાં ૨૩, એલ.એસ.જી. ફ્લેટ, બેંગ્લોરમાં હું અખંડ દીવો રાખતો અને રોજ અગિયાર વર્ષથી હનુમાનજીના મંદિરે જતો હોવાથી, શ્રી હનુમાનજીએ વાનરરૂપે પ્રગટ થઈને મને દર્શન આપ્યા છે.

શ્રી પુષ્પાબા અને શ્રી નાનાભાઈ શ્રી સંદિપને પણ મારી સાથે શ્રી મહાલક્ષ્મી મંદિરે શ્રી હનુમાનજીએ વિરાટ સ્વરૂપે પ્રગટ થઈને દર્શન આપેલા છે !!!

**જય શ્રી રામ... !!!**

**ઓમ શ્રી હં હનુમંતેય નમઃ !!!**

(૨) શ્રી પ્રધાનમંત્રી મોદીજી (ભારત) અથવા શ્રી પી.એમ. મોદીજી (ઈન્ડિયા, ભારત) ધોળકામાં ૧૦ વર્ષ આર.એસ.એસ.ના પ્રચારક તરીકે રહેલા છે.

તેઓશ્રી અમારે ત્યાં ઘેર આવીને શ્રી કનુભાઈ જોષી સાથે શ્રી માતૃશ્રી પુષ્પાબાની બનાવેલી ચ્હા પી ગયા છે (ઘણીવાર) !!!

અમો ન્હાના હતા ત્યારે તેમની પાસે શાખામાં શ્રદ્ધાનંદ વ્યાયામ શાળામાં પ્રાર્થના કરતા અને રમતો રમતા !!!

(૩) શ્રી આનંદસ્વામીજી, કે જેઓ દર અઠવાડિયે અમારે ત્યાં ધોળકા જમવા પધારતા. તેઓ શ્રીની મારી સાથે ગાઢ દોસ્તી છે. તેઓશ્રી ૨૦ વર્ષ હિમાલયમાં રહેલા અને સાધના કરેલા સિદ્ધ શ્રી શંકરાચાર્ય છે.

શ્રી આનંદસ્વામી મારી પાછળ સ્કુટર પર એક વખતે બેઠેલા. તેઓ શ્રી ચાલુ સ્કુટરે પાછલી સીટ પરથી અદ્રશ્ય થઈ ગયેલા. જે મારા જીવનની એક અદ્‌ભૂત અનુભૂતિ છે અને પ્રસંગ છે.

(૪) શ્રી નર્મદા તટ પર આવેલા શ્રી અલખધામ, ઝાડેશ્વર આશ્રમમાં મેં એક મહિનો નર્મદા જળ પર શ્રી અલખજી મહારાજની આજ્ઞા લઈને સાધના કરી હતી. તે દરમ્યાન શ્રી શ્રી શ્રી અલખજી મહારાજ મારી પાસે ત્રણ વખતે પ્રગટ થઈને આવી ગયેલા અને મારી સાધના દરમ્યાન સાધનામાં માર્ગદર્શન આપતા તથા સાર-સંભાળ પણ રાખતા હતા. આ સમયે મારી એક માસની સાધના દરમ્યાન મને કોટિ સૂર્ય, ચંદ્ર અને તારાના દર્શનની અનુભૂતિ પણ થયેલી. !!!

(૫) આમ તો મેં ૨૪ વર્ષો સુધી સાધના કરેલી છે. પહેલા ૧૨ વર્ષ અઘરી (ગિરનારમાંની ગુફાઓમાં અને કલિકુંડમાં) સાધનાઓ કરી છે અને પછીના ૧૨ વર્ષ અખંડ દીવો રાખી મિતાહાર આપે. રોજ ૧૦૮ ઓમકારની માળાઓ તથા ૧૧ અધ્યાય શ્રીમદ્ ભગવત ગીતાના રોજ કરવામાં આવેલા છે. પ્લસ પ્રાણાયામ, ધ્યાન, યોગાસન, મિતાહાર (અલ્પાહાર) જેમાં બે કે ત્રણ રોટલી અન દાળ, ભાત, શાક નિયમિત.

ભગવાનને અર્પણ થતો રોજ ૧૦૦૧૦૧ રૂપિયાનો ચાંદીની થાળીમાં થાળ. મારી ૨૪+ વર્ષની સાધના દરમ્યાન મને પાંચ વખતે પ્રાગટ્યના પ્રત્યક્ષ અનુભવ થયેલો છે, જે ઘણી અદ્દભૂત અને દિવ્ય અનુભૂતિઓ છે. ભગવાન અને ઈશ્વરની કૃપા પ્રસાદી છે.

(૬) મેં મારી ૨૪+ વર્ષની ઉપાસના અને તપશ્ચર્યાઓ તથા યોગા દરમ્યાન બે વખતે વિરાટ સ્વરૂપ લીધેલુ છે અને વિરાટ સૃષ્ટિના દર્શન કરેલા છે. તે પણ શ્રી ભગવાન, ઈશ્વર અને શ્રી ગુરૂઓની કૃપા પ્રસાદી છે.

(૭) શ્રી સિદ્ધ સંતો, શ્રી મહામંડલેશ્વર અને શ્રી શંકરાચાર્ય તરીકે શ્રી શ્રી શ્રી ૧૦૦૮ અલખગિરિજી મહારાજ અને શ્રી શ્રી શ્રી ૧૦૦૮ આનંદદેવ આશ્રમ તરીકેના આ આધ્યાત્મિક બુક લખવા માટે આશીર્વાદ પ્રાપ્ત થયેલા છે.

(૮) શ્રી હનુમાનજીની કૃપા શ્રી નાનાભાઈ સંદિપે વિમાનની ફ્લાઈટસમાં ૨૫૧+ ટાઈમ્સ (મોર થેન ડબલ સેન્ચયુરી) વર્લ્ડ અને ભારત લેવલની સફરો શ્રી હનુમાન દાદાની કૃપાથી કરેલી છે. તેને પણ શ્રી હનુમાન દાદાનો સાક્ષાત્કાર કરેલો છે.

(૯) પ. પૂ. શ્રી પુષ્પાબા પણ મારી સાથે ૧૨+ વર્ષથી સાધનાત્મક જીવન જીવી રહ્યા છે. તેઓ શ્રી એક આદર્શ શિક્ષક છે અને મારા એક ગુરૂ પણ છે. તેઓશ્રીએ પણ શ્રી મહાલક્ષ્મી મંદિર, ધોળકા પર વિરાટ સ્વરૂપે શ્રી હનુમાનજીનો સાક્ષાત્કાર કરેલો છે.

(૧૦) મારા ફ્લેટ નં. ૨૩, લક્ષ્ય સાંઈ ગાર્ડન એપાર્ટમેન્ટસમાં શ્રી હનુમાનજી, એક વાનરરૂપે પ્રગટ થઈને અદ્રશ્ય થીઈ ગયા હોવાથી મારી દ્રષ્ટિએ અમારા ૨૩ નંબરના ફ્લેટની કિંમત ભારતના શ્રી મુકેશ અંબાણીજીના સૌથી કિંમતી બંગલો “એન્ટીલીયા” કરતા પણ વધારે છે.

હું અગિયાર વર્ષથી વધારે, રોજ શ્રી હનુમાજીના મંદિરે દર્શન નિયમિત જાઉ છું અને શ્રી હનુમાનજીનો અખંડ દિવો રાખુ છું. ભક્તિની શક્તિ !!!

જય શ્રી રામ !

ઓમ શ્રી હં હનુમંતેય નમઃ ॥

(૧૧) શ્રી પરમ ભક્ત શ્રી પ. પૂ. તારાબા (સાણંદ)

શ્રી પરમ ભક્ત તારાબા એક ગૃહસ્થી મહાન સંત હતા. તેઓ શ્રીએ ચાર વર્ષ રોજ એક મુઠ્ઠી મગ ખાઈને સાધના કરેલી.

તેઓ શ્રી આખી રાત્રી શ્રી ક્રિશ્ન ભગવાનના ભજન ગાતા અને શ્રી ક્રિશ્નના એ મહાન ભક્ત હતા. તેઓશ્રીના દિકરી સંત શિરોમણી સુર્યાબા પણ ઉચ્ચ કોટિના સંત છે. તેઓ બન્ને સંતોએ મળી સુંદર ગાયત્રી માતાનું મંદિર સાણંદમાં બનાવેલું છે. આ બન્ને સંતોનું સાધનાત્મક સાનિધ્ય મને પ્રાપ્ત થયેલુ છે.

જય ગિરનારી ।

અલખ નિરંજન ॥


ૐ

# ૐ
# ફોટો
















બ્રહ્મલીન પ.પૂ.મહંતશ્રી અમૃતગિરિબાપુ








आज के दर्श
श्री सोमनाथ महादेव, गुजरात
4 नवंबर 2024
AHARSHI SRI
NIT..!!!
YEARS YOGA N
PASCHARYA...!!!


जय जय बजरंगबली
शुभ मंगलवार


नाम लो प्रभु राम क
साथ मिलता रहेग
जीवनभर हनुमान क
जय हनुमान
MAHARSHI SRI PUNIT..!!!
24+ YEARS YOGA N TAPASCHARYA...!!!


સત્ય નું પહેલું સ્વાગત હંમેશા વિરોધ થી થતું હોય છે.
ચા તો હજી 2029 સુધી ઉકળવાની છે.
જેને પસંદ છે એ આનંદથી પીવે...અને જેને પસંદ નથી એ ફુક મારી ને પીવે .
BJP


Happy Birthday!
Dear Punitkumar
Wish you a very Happy Birthday
May this year bring more
happiness and success in your life!
Narendra Modi





OnePlus


અખંડ ધૂણા પાસે, તેજો વલય





सुप्रभात शुभ गुरुवार
!! श्री गुरुदेव दत्त !!


सब सुख लहै तुम्हारी सरना
तुम रक्षक काहू को डरना
सुप्रभात




શ્રીશ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અલખગિરીજી મહારાજ




अलख निरंजन
श्रीनवनाथ
શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અલખગિરીજી મહારા


શ્રી શ્રી સર્વેશ્વરાનંદજી (હિમાલય)
પ.પૂ.શ્રી બાવાજીરામ
મહારાજ
પ.પૂ.શ્રી ૧૦૦૮ શ્રી શ્રી શ્રી મહામંડલેશ્વર
સ્વામી શ્રી અલખગિરિજી મહારાજ
પ.પૂ.શ્રી મહંત અમૃતગિરિબાપુ
ગિરનાર






## *My India*

"...Better than Heaven or Arcadia
I love Thee, O my India!

...Where Ganges, woods, Himalayan caves,
and men dream God —
I am hallowed; my body touched that sod."

— Paramahansa Yogananda

*"Songs of the Soul"*




Read here: yssi.org/SOTS



Sri modi yug is a
Suvarna kal for India.
Sri modi yug is a
Suvarna kal for hindu
Sanskruti & sanatana sanskruti.
Sri modi yug is a
Yug of development
For India. 45 crore Indian
Devotees will take bath in
kumbh mela
Sri Modiji (P.M of India)

Had Taken Tea at my Home Near
Mahalaxmi Mandir at Dholka

Jay girnari---!!!
Alakh niranjan----!!!


C






2018-10-18 00:1
Punitkumar Joshi


जय जय बजरंगबली
शुभ मंगलवार

